
# વિશ્વ-દર્શન

લેખકઃ પૂ.આ.શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજા




સંપાદકઃ પૂ.મુનિશ્રી હિતવિજયજી

# સાચી દયા

માત્ર મનુષ્યની નહિ,

કુંથવાથી માંડીને કુંજર સુધીના

નાના-મોટા સર્વ જીવોની દયા

એજ સાચી દયા છે.

જૈનં જયતિ શાસનમ્

# 卐 વિશ્વ-દર્શન 卐

## ( ચૌદ રાજલોક અને અલોક )

卐

: લેખક :

પરમશાસન-પ્રભાવક ગચ્છાધિપતિ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી
મહારાજાના પટ્ટધરરત્ન આગમપ્રજ્ઞ પૂજ્યપાદ
આચાર્યદેવશ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજા

卐

: સંપાદક :

સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી રવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
પૂ. મુનિશ્રી હિતવિજયજી

卐

: પ્રકાશક :

શેઠ નવીનચંદ્ર છોટાલાલ
C/o. સી. છોટાલાલની કું.
૫૮૯, નારાયણચોક,
મૂળજી જેઠા માર્કિટ,
મુંબઈ-૨
ફોન : ૩૧૧૯૨૬, ૩૧૦૭૨૧

: પ્રકાશક :

શેઠ નવીનચંદ્ર છોટાલાલ
૧૦૫, કુબેરભુવન
બજાજ રોડ, વીલેપાર્લા વેસ્ટ
મુંબઈ-૪૦૦ ૦૫૬.
ફોન : ઓફિસ : ૩૧૧૯૨૬, ૩૧૦૭૨૧
ઘર : ૬૧૪૨૬૪૯, ૬૧૪૭૯૫૦

: પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી મુક્તિનિલય જૈન ધર્મશાળા
તલાટી રોડ, પાલિતાણા
(સૌરાષ્ટ્ર) પીન-૩૬૪૨૭૦
૨. શ્રી ચન્દ્રોદય રીલીજિયસ ટ્રસ્ટ
ઠે. હસ્તગિરિ તીર્થોદ્ધાર કાર્યાલય
મુ. જાળિયા (અમરાજી) (સૌરાષ્ટ્ર)
(વાયા-પાલિતાણા) પિન-૩૬૪,૨૭૦

પ્રત : ૧૦૦૦ દ્વિતીયાવૃત્તિ

મૂલ્ય : ૩-૦૦

વીર સં. ૨૫૧૪ વિ. સં. ૨૦૪૪

# પ્રકાશકીય

શ્રી હસ્તગિરિતીર્થોદ્ધારક, આગમપ્રજ્ઞ, ક્ષમાશીલ, સૌમ્યમૂર્તિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજાના અગણિત ઉપકારોની સ્મૃતિ નિમિત્તે તથા વિ. સં. ૨૦૪૧ માં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજા, પૂ. પં. શ્રી હરિપ્રભવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી રવિપ્રભ-વિજયજી ગણિવર, સ્વ. પૂ. પં. શ્રી સુધાંશુવિજયજી ગણિવર, પૂ. મુ. શ્રી ચંદ્રયશવિજયજી મ., પૂ. મુ. શ્રી ચંદ્રસેનવિજયજી મ., પૂ. મુ. શ્રી અજિત-વિજયજી મ., પૂ. મુ. શ્રી હિતવિજયજી મ., પૂ. મુ. શ્રી સુવ્રતવિજયજી મ., પૂ. મુ. શ્રી અનંત-દર્શનવિજયજી મ., પૂ. મુ. શ્રી ચારિત્રરત્નવિજયજી મ., પૂ. મુ. શ્રી કુલદીપકવિજયજી મ., પૂ. મુ. શ્રી વિમલયશવિજયજી મ., પૂ. મુ શ્રી તત્ત્વરતિવિજયજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી ત્રિલોચનાશ્રીજી આદિ ઠાણા ૧૫ અને પૂ. સાધ્વીજી શ્રી સૂર્યોદયાશ્રીજી તથા પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી આદિ ઠાણા૧૪—આ પ્રમાણે સાધુ ભગવંતો ૧૪ ઠાણા અને સાધ્વીજી મહારાજ ૨૯ ઠાણા મળી કુલ ૪૩ ઠાણાનું સાવરકુંડલામાં જે આરાધનામય, ઉત્સાહપૂર્ણ અને અવિસ્મરણીય

-યાદગાર ચાતુર્માસ થયું, તેની પુણ્ય સ્મૃતિ નિમિત્તે આ નાનકડું છતાં અત્યંત ઉપયોગી પુસ્તક પ્રગટ કરતાં ખૂબ જ હર્ષ અનુભવું છું.

આ પુસ્તકનું મેટર પૂ. મુનિરાજશ્રી હિત-વિજયજી મહારાજે ઘણો પરિશ્રમ લઈને ખૂબ કાળજી પૂર્વક તૈયાર કરી આપ્યું છે તે બદલ અમે તેઓશ્રીના અત્યંત ઋણી છીએ.

૧ થી ૭૧ સુધીનાં પાનાં અંકુર પ્રિન્ટર્સ-સાવરકુંડલાવાળા મનસુરઅલીભાઈએ અને ત્યાર પછીનાં પાનાં સાગર પ્રિન્ટર્સ-અમદાવાદવાળા નવનીત ભાઈએ તાત્કાલિક છાપી આપ્યાં છે તે બદલ અમે તેમના આભારી છીએ.

પ્રકાશક : શેઠ નવીનચંદ્ર છોટાલાલ

# પ્રાસ્તાવિકમ્

આગમવિશારદ, હસ્તગિરિતીર્થોદ્ધારક, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજાના વિ.સં. ૨૦૧૯ ની સાલના રાજકોટના ચાતુર્માસ વખતે 'જયહિંદ' વાળા, જીવદયાપ્રેમી શ્રી જયંતીલાલ લક્ષ્મીચંદ શાહની વિનંતીથી પૂજ્યશ્રીએ ૧૪ રાજલોક અંગેનું આ સંક્ષિપ્ત લખાણ લખી આપ્યું હતું. આ લખાણ શ્રી જયંતીભાઈએ તે વખતે તેમના 'પરમાર્થ' માસિકમાં પણ પ્રગટ કર્યું હતું અને પુસ્તિકારૂપે પણ પ્રગટ કર્યું હતું. તેની પ્રથમાવૃત્તિની બધી જ નકલો ખલાસ થઈ જવાથી, તેની ઉપયોગિતાને લક્ષમાં લઈ સાવરકુંડલાવાળા ધર્મપ્રેમી સુશ્રાવક છોટાલાલ મણિલાલ શેઠના સુપુત્ર ઉદારદિલ શ્રી નવીનભાઈની માગણી અને દ્રવ્યસહાયથી અનેક સુધારા–વધારા સાથે આ દ્વિતીયાવૃત્તિ પ્રગટ કરવામાં આવી રહી છે.

ધર્મપ્રેમી સુશ્રાવક શેઠ છોટાલાલ મણિલાલનું કુટુંબ વિ.સં. ૧૯૯૯ ની સાલથી પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યા પછી તેઓશ્રી પ્રત્યે આજ દિન સુધી અખંડ ભક્તિભાવવાળું રહ્યું છે.

પ.પૂ.આ.ભ.શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજા એટલે જ્ઞાનામૃતની પરબ! તેમની પાસે આવીને

સહુ પોતાની જ્ઞાનપિપાસા છિપાવે! તેઓશ્રીને જિનાગમો વારંવાર વાંચવા-વંચાવવા, એ વાચનના આધારે વિચારવું અને લખવું, આ બધી વાતોની લગની લાગેલી હોવાને કારણે, તેઓશ્રીની આ બધી પ્રવૃત્તિઓ તેઓ જ્યાં હોય ત્યાં ભૂખ-તરસને ભૂલીને, કંટાળાને છોડીને અને થાકને અવગણીને પણ નિરંતર ચાલ્યા જ કરતી હોય છે.

તેઓશ્રીની યાદશક્તિ પણ અત્યંત તીવ્ર છે. એ તીવ્ર યાદશક્તિના બળે નાની ઉંમરમાં ગોખેલું પણ તેમને યાદ છે. વાંચેલું અને વિચારેલું પણ તેમના સ્મૃતિપટમાં સદાને માટે જળવાઈ રહેલું છે.

આગમોના ઊંડા અભ્યાસથી વિચારી-વિચારીને તેઓશ્રીએ આગમિક પદાર્થોની જાતજાતની નોંધો કરેલી છે. નહિ સમજાતી વસ્તુને સરળતાથી સમજાવી આપે અને તત્ત્વનો બોધ કરાવે તેવાં જાતજાતનાં ઘણાં લખાણો પણ કરી રાખેલાં છે. પૂજ્યશ્રીનું એ બધું જ લખાણ અપ્રગટ ખજાનારૂપ છે. જો એ ખજાનો ખૂલે અને તેમાંનાં લખાણો પ્રગટ થાય તો એ કાર્ય તત્ત્વરસિકોને માટે ઘણું ઉપકારક બની શકે એમ છે. પરંતુ પૂજ્યશ્રી પોતાનાં એ લખાણો છપાવવાની બાબતમાં રસ કે ઉત્સાહ ધરાવતા નથી. તેઓશ્રી તો લહિયાઓ પાસે જિનાગમો લખાવવાના

વિષયમાં જ રસિક અને ઉત્સાહી છે. તેઓશ્રીએ લહિયાઓ પાસે જિનાગમો લખાવવાનું કામ વિ.સં. ૨૦૦૩ ની સાલથી શરૂ કર્યું છે તે અદ્યાપિ પાટણ, મેતા, વઢવાણ, સુરેન્દ્રનગર વગેરે સ્થળોએ ચાલી રહ્યું છે.

પૂજ્યશ્રીનું જીવન ગુણરત્નોના ભંડાર સમું છે. તેઓશ્રીનું નિષ્પાપ ચિત્ત હંમેશાં સુપ્રસન્ન જ હોય છે. તેઓશ્રીની ક્ષમા પણ અદ્ભુત છે. દુઃખદ પ્રસંગોમાં અને વિકટ પરિસ્થિતિમાં પણ તેઓશ્રી સ્વસ્થ અને સુપ્રસન્ન જ હોય છે. કદી અકળાઈ ઊઠતા નથી. સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવ ધરાવે છે. એમનું જીવન આડંબર અને દંભરહિત છે. પ્રસિદ્ધિના મોહ વિના નિરાડંબરપણે હંમેશાં પોતાની આરાધનામાં જ મસ્ત રહેવું અને પોતાના આશ્રિતો પણ પ્રસિદ્ધિનો મોહ છોડીને પોતપોતાની આરાધનામાં જ સદા મસ્ત રહે એવી એમના હૃદયની ભાવના છે અને એવી જ ખેવના છે.

હસ્તગિરિ તીર્થનો ઉદ્ધાર એ એમના જીવનની યશકલગી છે. જેની ગોદમાં જાળિયા ( અમરાજી ) ગામ વસેલું છે અને જે શત્રુંજય પર્વતની એક ટૂંક તરીકે પ્રસિદ્ધ છે એવા હસ્તગિરિના પહાડ ઉપર જ્યાં પહેલાં પુરાણી દેરી ને પગલાં સિવાય બીજું કાંઈ જ

ન હતું, જ્યાં માત્ર ઝાડી ને જંગલ જ હતું ત્યાં આજે પૂજ્યશ્રીની શુભ ભાવના અને પ્રેરણાથી દેવ-લોકનાં વિમાનોને યાદ કરાવે એવું સુંદર ૭૨ દેવ-કુલિકાવાળું, વિશાળ, અજોડ ને ભવ્ય મંદિર ખડું થઈ રહ્યું છે. જેમાં આજ દિન સુધીમાં સાડા ત્રણ કરોડ રૂપિયાનો સદ્‌વ્યય થયો છે. કામ હજી ચાલુ જ છે અને ભાવિકો તરફથી ધનની વૃષ્ટિ પણ ચાલુ જ છે. એકાદ વર્ષમાં તેની પ્રતિષ્ઠાનો પુણ્ય અવસર આવી જાય એવી પણ શકયતા છે.

આ પવિત્ર પહાડ ઉપર તળેટીથી માંડીને શિખર સુધીમાં જુદા જુદા સ્થળે પાંચ કલ્યાણકોનાં પાંચ જિનાલયોનાં નિર્માણની યોજના છે. તે યોજનાનુસાર તળેટીમાં પ્રથમ ચ્યવન–કલ્યાણકના ભવ્ય પ્રાસાદનું નિર્માણ, મુખ્યત્વે અમદાવાદ ગિરધરનગરના શ્રી સંઘ હસ્તકના દેવદ્રવ્યની સહાયથી થઈ ગયું છે.

બીજા જન્મકલ્યાણકના પ્રાસાદનું નિર્માણ, પહાડ ઉપર શ્રી માનચંદ દીપચંદ રીલીજિયસ ટ્રસ્ટ હ. મંગળદાસ માનચંદ તથા શ્રી કીર્તિલાલ મૂળચંદ આ બે ધર્મપ્રેમી શ્રાદ્ધવર્યોના પુણ્યદ્રવ્યની સહાયથી થશે.

ત્રીજા દીક્ષાકલ્યાણકના પ્રાસાદનું નિર્માણ, ખંભાત નિવાસી (હાલ મુંબઈ), પોતાની લક્ષ્મીનો

પુણ્યકાર્યમાં સદ્વ્યય કરનારા બી. એ. શાહ વાળા ધર્મપ્રેમી શ્રાદ્ધવર્ય પુંડરીકભાઈના પુણ્યદ્રવ્યની સહાયથી થઈ ગયું છે અને તેની પ્રતિષ્ઠા પણ વિ. સં. ૨૦૪૦ ના વૈ૦ શુદ ૫ ના રોજ શુભમુહૂર્તે પરમશાસન-પ્રભાવક, ગચ્છાધિપતિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે કરાઈ છે.

૭૨ દેવકુલિકાવાળા વિશાળ ને ભવ્ય પ્રાસાદનું નિર્માણ, ચોથા કેવળજ્ઞાન કલ્યાણકના મંદિરરૂપે, ભારત ભરના તેમજ ભારત બહારના આફ્રિકા, જાપાન વગેરે દેશોના શ્રી સંઘ હસ્તકના દેવદ્રવ્યની સહાયથી તેમજ ધર્મપ્રેમી શ્રાદ્ધવર્યોના પુણ્યદ્રવ્યની સહાયથી થઈ રહ્યું છે.


અને પગલાંવાળી પુરાણી દેરી પાંચમા નિર્વાણ કલ્યાણકના મંદિર રૂપ બનશે.


આમ હસ્તગિરિનો પહાડ, પૂ. આ. ભ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શુભ આશીર્વાદથી અને તેઓશ્રીના પટ્ટધરરત્ન પૂ. આ. ભ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજાની શુભ પ્રેરણાથી એક ભવ્ય તીર્થરૂપે પ્રકાશમાં આવી રહ્યો છે.

ખરી ખુબીની વાત તો એ છે કે, પૂ. આ. ભ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજાની શુભ પ્રેરણાથી આવું મહાન કાર્ય થવા છતાં તેઓશ્રી તથા તેમનો શિષ્ય પરિવાર બધા જ આદિથી માંડીને આજ દિન સુધી તેનાથી તદ્દન નિર્લેપ રહ્યા છે. પોતાના સાધ્વાચારના પાલનમાં ને આરાધનામાં જ મસ્ત રહ્યા છે. પૂજ્યશ્રીએ આ કાર્યની કોઈ પણ જવાબદારી પોતાના માથે રાખી નથી. બધી જ જવાબદારી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી કાંતિલાલ મણિલાલ પાટણવાળા, શ્રી રસિકલાલ બાપુલાલ પાટણવાળા તથા શ્રી વી. એલ. શાહ વિરમગામવાળા આ બધા ધર્મપ્રેમી શ્રાદ્ધવર્યો પોતાના તન–મન–ધનનો ભોગ આપીને નિઃસ્વાર્થપણે, આત્મશ્રેયાર્થે અદા કરી રહ્યા છે. ગુરુકૃપાથી તેઓ સાત ક્ષેત્રના વિષયમાં પણ સારા જાણકાર બન્યા છે. તેથી એક ખાતાનું દ્રવ્ય બીજા ખાતામાં ચાલ્યું ન જાય તેની પૂરી કાળજી રાખે છે અને જ્યાં સમજ ન પડે ત્યાં પૂ. ગુરુદેવોને પૂછે છે. આમ તેઓના વિવેક પૂર્વકના વહીવટને કારણે પૂ. સાધુ ભગવંતોને કોઇ વાતમાં માથું મારવું પડતું નથી. તેથી તેમના સાધ્વાચારના પાલનમાં કોઈ જાતની સ્ખલના થતી નથી.

પ્રાંતે જણાવવાનું કે આવા એક પુણ્ય પુરુષના હાથે શાસ્ત્રાધારે લખાયેલા આ પુસ્તકના વાંચન-મનન અને પઠન-પાઠન દ્વારા અનેક પુણ્યાત્માઓ સમ્યક્ત્વ પામે, એને વધુ નિર્મળ કરે, શાસનના રાગી બને, સર્વવિરતિ સ્વીકારે, આત્મશ્રેયઃ સાધે અને મુક્તિ-પદના ભોક્તા બને એજ શુભાભિલાષા.

—મુનિ હિતવિજય





સિદ્ધાત્મા
સિદ્ધશિલા-મોક્ષસ્થાન
લંબાઈ ૪૫ લાખ યોજન
સમ્યગ્ જ્ઞાન
સમ્યગ્ દર્શન
સમ્યક્ ચારિત્ર
મનુષ્યગતિ
દેવગતિ
નરકગતિ
તિર્યંચગતિ

# ચૌદ રાજલોકનું સંક્ષિપ્ત વર્ણન

આ કલિકાળમાં આપણને સાચો આધાર અરિહંત પરમાત્માની વાણીનો છે. એ વાણીને અરિહંત પરમાત્માના મુખેથી ઝીલીને, ગણધર ભગવંતોએ દ્વાદશાંગીરૂપે ગૂંથેલી છે. ગણધર ભગવંતોની શિષ્ય પરંપરામાં થયેલા આચાર્ય-ઉપાધ્યાય-સ્થવિર-વાચક વગેરે પૂર્વના મહામુનિઓએ એને સારી રીતે સાચવીને વર્તમાનકાલીન જીવોને માટે વ્યવસ્થિત રાખી છે. એ વાણી અત્યારે આપણને ૪૫ આગમ અને પંચાગીરૂપે મળે છે. શ્રી અરિહંત પરમાત્માના શાસનની સઘળી વ્યવસ્થા એના આધારે ચાલે છે. એ આગમ-ગ્રંથોમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની આરાધના કેવી રીતે કરવી એ વિસ્તારથી સમજાવ્યું છે.

જ્ઞાન એનું નામ કે જે વિજ્ઞાનરૂપ બને. વિજ્ઞાન એનું નામ કે જે હેય- ઉપાદેયનું ભાન કરાવે. જે પાપથી પાછા વાળે તેને જ્ઞાન કે વિજ્ઞાન કહેવાય. જે પાપમાં જોડે તેનો જ્ઞાન-વિજ્ઞાન કહેવાય નહિ.

આજનો વિજ્ઞાનવાદ માનવીને ઘણા જીવોની ઘોર હિંસામાં પ્રવર્તાવનાર હોવાથી પાપના ખાડામાં ઉતારીને દુર્ગતિનાં દારુણ દુઃખ આપનાર છે. તેથી તે સાચો ને હિતકારક નથી. જેનાથી પાપનો ભય, પરલોકને સુધારવાની તીવ્ર ઇચ્છા સદા જાગ્રત રહે તેમજ જે રાગાદિ અંતરંગ શત્રુઓને જીતવામાં સહાયક બને એવું જીવાદિ તત્ત્વોનું જ્ઞાન તે જ ખરું અને સર્વકલ્યાણકર વિજ્ઞાન કહેવાય. એવા વિજ્ઞાનના બળથી આત્મા સતત જાગ્રત રહે, પાપથી ક્ષણે ક્ષણે ડરતો રહે, વિષયોની તૃષ્ણાને શાન્ત કરી શકે, કષાયોના આવેશને અટકાવી શકે, અને સાચી શાન્તિ અનુભવી શકે.

સાચી શાન્તિ આપવાની શક્તિ જિનવાણીરૂપ આગમાદિ શાસ્રોની વાતોના પરિચયમાં છે. આગમાદિ શાસ્રોમાં જીવાદિ તત્ત્વોની વિચારણાના અવસરે ચૌદ રાજલોકનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે અહીં સંક્ષેપમાં રજૂ કરાય છે.

# વિશ્વ–દર્શન

## ૧૪ રાજલોક અને અલોક :-

સંસ્કૃતમાં લુક્ ધાતુ જોવું અર્થમાં છે. જેમાં જીવ, પુદ્ગલ આદિ છ દ્રવ્યો જોવામાં આવે છે તેને લોક કહેવાય છે અને જ્યાં જીવ, પુદ્ગલ આદિ દ્રવ્યો જોવામાં આવતાં નથી તેને અલોક કહેવાય છે.

અલોક અનંતાનંત આકાશાસ્તિકાય (પોલાણ) રૂપ છે. કોઇ વિશાળ સ્થાનમાં નિરાધારપણે કોઇ માણસનું પૂતળું લટકી રહેલું હોય, તેવી જ રીતે અલોકરૂપ વિશાળસ્થાનમાં લોક રહેલો છે. બે પગ પહોળા કરી, બે હાથ કમર ઉપર ટેકવીને ઊભા રહેલા માણસની જેવો આકાર ૧૪ રાજલોકનો છે. અસંખ્યાતા કોટાકોટિ યોજન પ્રમાણ આકાશ ક્ષેત્રને એક 'રાજ' કહેવાય છે.

લોક સાતમી નારકીની નીચેના ભાગમાં ૭ રજ્જુ પ્રમાણ પહોળો છે. ત્યાંથી ઉપર અનુક્રમે ઘટતાં ઘટતાં જ્યાં ૭ રજ્જુ આવે ત્યાં તેની પહોળાઇ

એક રજ્જુ પ્રમાણ રહે છે. ત્યાર પછી ઉપરના ભાગે લોકની પહોળાઇ વધતી જાય છે. ૩॥ રજ્જુ ઉપર આવતાં તેની પહોળાઇ ૫ રજ્જુ પ્રમાણ થાય છે. પછી ઉપર ઘટતાં ઘટતાં છેલ્લે ૩॥ રજ્જુના અંતે તેની પહોળાઇ એક રાજ પ્રમાણ રહે છે. નીચેથી ઉપર સુધીની સંપૂર્ણ લોકની લંબાઇ ૧૪ રજ્જુ પ્રમાણ છે. ઘનાકાર માપથી લોક ૩૪૩ ઘન રજ્જુ પ્રમાણ થાય છે. તે આ રીતે – સંપૂર્ણ લોકના વિષમ સ્થાનને સમ કરવાથી તે ૭ રજ્જુ લાંબો, ૭ રજ્જુ પહોળો અને ૭ રજ્જુ ઊંચો થાય છે. એ પ્રમાણે તેનું ઘન કરતાં ૭×૭=૪૯×૭=૩૪૩ રજ્જુ થાય છે.

**ત્રસનાડી :—** મહેલના મધ્ય ભાગમાં ઊભા કરેલા થાંભલાની જેમ, એક રજ્જુ પહોળો અને ચૌદ રજ્જુ ઉપર–નીચે લાંબો થાંભલાના આકાર જેવો લોકના મધ્ય ભાગમાં રહેલો જે આકાશ–વિભાગ તેને ત્રસનાડી કહેવાય છે. આ ત્રસનાડીની અંદરના લોકાકાશમાં ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવો છે. જ્યારે ત્રસનાડીની બહારના લોકાકાશમાં માત્ર એકેન્દ્રિય સ્થાવર જીવો જ હોય છે. ત્યાં ત્રસ જીવો હોતા નથી.

અલોકના મધ્ય ભાગમાં રહેલા આ લોકાકાશ ક્ષેત્રની લંબાઇ, પહોળાઇ અને ઊંચાઇનું પ્રમાણ અસંખ્યાત કોટાકોટિ યોજનનું છે. તે કોઇના પણ આધાર વિના પોતાની મેળે જ સ્થિર રહેલ છે. જીવો અને પુદ્‌ગલોનું એમાં પરિભ્રમણ અને પરિવર્તન થયા કરે છે.

**લોકાકાશના ભેદ** :- લોકાકાશના મુખ્ય ત્રણ ભેદ છે. (૧) ઊર્ધ્વલોક (૨) મધ્યલોક-તિર્ચ્છાલોક (૩) અધોલોક.

(૧) **ઊર્ધ્વલોક** :- ૧૮૦૦ યોજન ન્યૂન એવા ૭ રાજ પ્રમાણ ઊંચો છે. લોકાગ્રસ્થાને એટલે લોકના ઉપરના મથાળે અનંતા સિદ્ધ ભગવંતો રહેલા છે. તેની નીચે અનુક્રમે સફેદ વર્ણના અર્જુન-સુવર્ણની બનેલી અને ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્ર જેટલી લાંબી - પહોળી સિદ્ધશિલા, પાંચ અનુત્તર વિમાન, નવ ગ્રૈવેયક, બાર દેવલોક, નવ લોકાન્તિક દેવો અને ત્રણ કિલ્બીષિક દેવોનાં સ્થાન છે.

(૨) તિર્છાલોક-મધ્યલોક :- ૧૮૦૦ યોજન પ્રમાણ ઊંચો છે. તેમાં ઉપરના ૯૦૦ યોજનમાં જ્યોતિષચક્ર, મેરુપર્વત અને દશ તિર્યગ્જૃંભક દેવો છે. તેમજ એક રાજની પહોળાઇમાં જંબૂદ્વીપ આદિ અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલાં છે. તે બધાં ઉત્તરોત્તર બમણાં-બમણાં વિસ્તારવાળાં છે. છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય યોજનનો છે. સૌથી મધ્યમાં રહેલો જંબૂદ્વીપ તેલમાં તળાતાં પુડલા જેવો ગોળ છે. અને બાકીના દ્વીપ-સમુદ્રો બંગડી જેવા ગોળ આકારના છે. મધ્યવર્તી જંબૂદ્વીપ એક લાખ જોજન લાંબો-પહોળો છે. ત્યાર પછી બે લાખ જોજન વિસ્તારવાળો અને ખારા પાણીવાળો લવણસમુદ્ર, તેના પછી ચાર લાખ જોજનનો ધાતકીખંડદ્વીપ, તેના પછી આઠ લાખ જોજનનો કાલોદધિ-સમુદ્ર અને તેની ફરતો ૧૬ લાખ જોજનનો પુષ્કરવરદ્વીપ આવેલો છે. પુષ્કરવરદ્વીપના મધ્યભાગે વલયાકારે માનુષોત્તર પર્વત આવેલો છે. તે માનુષોત્તર પર્વત સુધી એટલે અડધા પુષ્કરવરદ્વીપ સુધી અર્થાત્ અઢીદ્વીપમાં જ મનુષ્યોની વસતી છે. ત્યાર પછીના દ્વીપ-સમુદ્રોમાં મનુષ્યોનાં

જન્મ-મરણ થતાં નથી. જંબૂદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને અડધો પુષ્કરવરદ્વીપ-તેને અઢીદ્વીપ કહેવાય છે. અઢીદ્વીપને મનુષ્યક્ષેત્ર અથવા સમયક્ષેત્ર પણ કહેવાય છે.

અધોલોક :- ૭ રાજ પ્રમાણ ઊંચો છે. તેમાં દશ ભવનપતિ તથા પરમાધામી દેવોનાં સ્થાન છે. તથા સાત નારકી આવેલી છે.

## જીવ અને અજીવ

જગતમાં જીવ અને અજીવ આ બે મુખ્ય દ્રવ્યો છે. જીવ એ ચેતન દ્રવ્ય છે, અને અજીવ એ જડ દ્રવ્ય છે.

ચેતન અને જડના અનાદિકાલીન સંયોગથી આખો સંસાર ચાલી રહ્યો છ. આ સંસાર કદી કોઇએ બનાવેલો નથી અને ક્યારેય પણ નાશ પામવાનો નથી. એમાં પરિવર્તન થયા કરે છે, પણ એનો સર્વથા નાશ થતો નથી.

જીવ અને અજીવ આ બે દ્રવ્યોને કાંઇક વિસ્તારથી સમજવા માટે નવ તત્વો કહ્યાં છે. એ નવ તત્ત્વોને

સારી રીતે સમજવાથી શ્રદ્ધાનું બળ વધે છે, અને ધર્મક્રિયાનો આશય વિશદ બને છે.

**એ નવતત્ત્વો આ પ્રમાણે છે :-**

(૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ (૯) મોક્ષ.

પરમ ઉપકારી શાસ્ત્રકાર ભગવંતોએ જણાવ્યા મુજબ એ નવતત્ત્વોનો સમાવેશ નીચે મુજબ સાત તત્ત્વોમાં પણ થઇ શકે છે અને બે તત્ત્વોમાં પણ થઇ શકે છે.

પુણ્ય અને પાપ એ બે તત્ત્વોનો સમાવેશ આશ્રવ–તત્ત્વમાં કરી દેવાથી (૧) જીવ (૨) અજીવ (૩) આશ્રવ (૪) સંવર (૫) નિર્જરા (૬) બંધ (૭) મોક્ષ. આ પ્રમાણે સાત તત્ત્વો થાય છે.

(૧) સંવર (૨) નિર્જરા અને (૩) મોક્ષ-આ ત્રણ તત્ત્વો જીવસ્વરૂપ હોવાથી તેમનો સમાવેશ જીવતત્ત્વમાં થાય છે. (૧) પુણ્ય (૨) પાપ (૩) આશ્રવ (૪) બંધ આ ચાર તત્ત્વો અજીવ સ્વરૂપ હોવાથી

તેમનો સમાવેશ અજીવતત્ત્વમાં થાય છે. આ રીતે જીવ સ્વરૂપ ચાર અને અજીવ સ્વરૂપ પાંચ તત્ત્વો ગણીને બધાને જીવ-અજીવ બેમાં સમાવી શકાય છે. જીવ અને અજીવ અનાદિ-કાળથી મળી ગયેલા હોવાથી સંસાર છે. અજીવના સંયોગની અસરથી જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**જીવદ્રવ્ય :-** લોકમાં જીવો અનંતા છે. એકેક જીવ અસંખ્યાત પ્રદેશના સમુદાયરૂપ હોવાથી તેને જીવાસ્તિકાય કહેલ છે. (જીવ+અસ્તિકાય. અસ્તિકાય એટલે પ્રદેશોનો જથ્થો.) ચૌદ રાજલોકના જેટલા આકાશપ્રદેશો છે તેટલા જ એક જીવના આત્મપ્રદેશો હોય છે. **દ્રવ્યથી** જીવો અનંતા છે. **ક્ષેત્રથી** પ્રત્યેક જીવ પોતાના શરીર જેટલા આકાશક્ષેત્રમાં વ્યાપીને રહેલો હોય છે. સર્વ જીવો ચૌદ રાજલોકમાં રહેલા છે. લોકાકાશની બહાર જીવો નથી. લોકાકાશના અસંખ્યાતા પ્રદેશોમાં તે પ્રદેશોથી અનંતગુણા જીવો ભરેલા છે. જીવના પ્રદેશોનો સંકોચ અને વિકાસ પામવાનો સ્વભાવ હોવાથી, અને આકાશક્ષેત્રનો અવગાહના આપવાનો વિચિત્ર સ્વભાવ હોવાથી, એક

જ આકાશખંડમાં ઘણા જીવો સમાઇને રહે છે. કાળથી જીવો અનાદિ–અનંત છે. જીવને કોઇ બનાવતું નથી અને કોઇ એનો નાશ પણ કરી શકતું નથી. જીવો નવા બનતા નથી. જે જીવો છે એમનો સર્વથા વિનાશ થતો નથી. જીવો ભૂતકાળમાં હતા, વર્તમાનકાળમાં છે અને ભાવિકાળમાં પણ રહેવાના. જીવ અજન્મા ને અવિનાશી હોવા છતાં જીવના જન્મ–મરણનો વ્યવહાર તે તે ભવરૂપ અવસ્થાઓના પરિવર્તનને કારણે કરાય છે. ઇન્દ્રિયો, શરીરબળ, મનબળ, વચનબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય–આ બધાને દ્રવ્યપ્રાણ કહેવાય છે. તેના વડે જીવો જીવન જીવે છે. આ દ્રવ્યપ્રાણોથી જીવનો વિયોગ થાય તેને મરણ કહેવાય છે. મરણ થયા પછી ફરીથી જીવ તે દ્રવ્યપ્રાણોને ધારણ કરે તેને જન્મ કહેવાય છે. આવી રીતે જગતમાં સંસારી જીવોનાં જન્મ–મરણ થયાં કરે છે.

પ્રાણ બે પ્રકારના છે : દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વસોશ્વાસ અને આયુષ્ય આ દશને દ્રવ્યપ્રાણ કહેવાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ આ પાંચને ભાવપ્રાણ કહેવાય છે.

સંસારી જીવોને દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ એમ બંને પ્રકારના પ્રાણ હોય છે. કર્મમુક્ત જીવોને એકલા ભાવપ્રાણ હોય છે. તેઓ ભાવપ્રાણોથી જીવે છે. ભાવપ્રાણો આત્માથી કદાપિ વિખૂટા પડતાં નથી. માટે તે આત્મા અજરામર બને છે.

આત્મા મૂળભૂત શુદ્ધ સ્વભાવે અરૂપી, અવિકારી, નિરંજન, શુદ્ધસ્વરૂપી, અનંતજ્ઞાનાદિમય અને અનંત સુખનો ભંડાર છે. પરંતુ અનાદિકાળથી પુદ્‌ગલરૂપ કર્મના સંયોગથી રૂપી, વિકારી, રાગી, દ્વેષી, ક્રોધી, કામી, માયી, લોભી, નાનો, મોટો, કાળો, ધોળો, દીન, અભિમાની, રાજા, રંક, દેવ, માનવ, શેઠ, નોકર, પશુ, નારક, ક્ષુદ્રજંતૂ વગેરે દશાવાળો થાય છે, અને તે તે નામથી ઓળખાય છે. દ્રવ્યથી મૂળ સ્વરૂપે રહે છે, અને પર્યાયથી એની અવસ્થાઓ બદલાયા કરે છે. દ્રવ્ય અને તેના પર્યાય હંમેશાં સાથે જ રહે છે, એક બીજા વિના રહી શકતા નથી. કોઇપણ કાળે દ્રવ્ય પર્યાય વિનાનું હોય નહિ, અને પર્યાય દ્રવ્ય વિના રહે નહિ.

ભાવથી જીવો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પુદ્ગલના ગુણોથી રહિત છે. ગુણથી જીવો ઉપયોગ સ્વભાવવાળા છે. ઉપયોગ વિના જીવ હોય જ નહિ. ઉપયોગ જીવમાં જ હોય, જીવ વિનાના બીજા કોઇ પદાર્થમાં ઉપયોગ હોય નહિ. ઉપયોગ એટલે જ્ઞાન-દર્શનનું સ્ફૂરણ.

ચૌદ રાજલોકમાં અનંતા જીવો ઠાંસી ઠાંસીને ભરેલા છે. જેને સૂક્ષ્મ નિગોદના ગોળા કહેવામાં આવે છે એવા એક એક ગોળામાં અસંખ્ય શરીરો હોય છે, અને એકેક શરીરમાં અનંતા અનંતા નિગોદના જીવો હોય છે. તદુપરાંત ચૌદ રાજલોકમાં અનેક પ્રકારના બીજા જીવો પણ છે.

જુદી જુદી અપેક્ષાએ જીવોના અનેક ભેદો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે. એમાં બે ભેદ, ચાર ભેદ, પાંચ ભેદ, છ ભેદ ચૌદ ભેદ અને પાંચસો ત્રેસઠ ભેદની વિવક્ષા વિશેષ પ્રસિદ્ધ છે. સાત ભેદ, નવ ભેદ, અઢાર ભેદ, અને ચોવીશ ભેદ પણ કહ્યા છે.

મુક્ત અથવા સિદ્ધ જીવો અને સંસારી જીવો એમ મુખ્યપણે બે ભેદ સર્વ જીવોના કહ્યા છે. સર્વ કર્મોના બંધનથી સર્વથા મુક્ત થઇને સંપૂર્ણ શુદ્ધ દશાને પામેલા જીવોને સિદ્ધ પરમાત્મા કહેવાય છે. કર્મોથી લેપાયેલા, કર્મના બંધનને કારણે સુખ-દુઃખનો અનુભવ કરનારા, એક ભવમાંથી બીજા ભવમાં જનારા, જન્મ, જીવન અને મરણની જંજાળમાં ફસાયેલા જીવોને સંસારી જીવો કહેવાય છે. સંસાર એટલે રઝળવા-ભટકવાનું સ્થાન. આવા રઝળવા-ભટકવાના સ્થાનરૂપ સંસારમાં રહેલા જીવોને સંસારી જીવ કહેવાય છે.

સંસારી જીવોના બે ભેદ છેઃ સ્થાવર અને ત્રસ. સ્વેચ્છાએ હાલી-ચાલી નહિ શકવાથી જે સ્થિર રહેનારા છે, તેમને સ્થાવર જીવો કહેવાય છે. તેમને એક જ ઇન્દ્રિય હોય છે, અને ત્રસ જીવોની અપેક્ષાએ તેઓ ઘણી ઓછી શક્તિવાળા હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ-સ્થાવર જીવો આ પ્રમાણે પાંચ પ્રકારના છે. જેઓ સ્વેચ્છાએ હાલી-ચાલી શકે છે, તેમને ત્રસ જીવો કહેવાય છે.

ત્રસ જીવો કરતાં સ્થાવર જીવોની સંખ્યા જગતમાં હંમેશાં ઘણી મોટી જ હોય છે. સંસારી જીવોના જે ભેદ કહ્યા છે, તે બધા ત્રસ અને સ્થાવર એમ બે ભેદના વિસ્તારરૂપે જ વર્ણવ્યા છે.

ચાર ગતિની અપેક્ષાએ સંસારી જીવોના ચાર ભેદ છે. તેવા તેવા કર્મના ઉદયથી જીવો જેને પ્રાપ્ત કરે તેને ગતિ કહેવાય છે. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ–આ પ્રમાણે ચાર ગતિ છે.

નરકગતિમાં રહેલા જીવોને પ્રાયઃ સદા ઘણું દુઃખ હોય છે. અહીં મનુષ્યલોકમાં મનુષ્ય સિવાયના, એક ઇન્દ્રિયથી માંડીને પાંચ ઇન્દ્રિય સુધીના જેટલા જીવો દેખાય છે તે બધા તિર્યંચગતિના જીવો કહેવાય છે. તિર્યંચગતિમાં રહેલા જીવોને દુઃખ ઘણું અને સુખ થોડું હોય છે.

મનુષ્યગતિમાં રહેલા સર્વ જાતિના મનુષ્યોને સુખ–દુઃખ બંને પોતપોતાના કર્માનુસારે હોય છે. તેમાં તીવ્ર રોગાદિના પ્રસંગ વિના બાકીના કાળમાં સુખ હોય છે. તેથી જ મનુષ્યગતિમાં મુખ્યપણે શાતાનો ઉદય કહેલો છે.

દેવગતિમાં રહેલા સર્વ જાતિના દેવોને સુખ જ હોય છે. કદાચ કોઇકવાર શારીરિક કે માનસિક કષ્ટ આવે તો તે નહિવત્ અને અલ્પકાલીન જ હોય છે.

સંસારી જીવોના પાંચ ભેદ આ પ્રમાણે કહ્યા છે: એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

પહેલીથી પાંચમી સુધી ઇન્દ્રિયોની ગણતરી ક્રમસર દાઢીથી લઇને કાન સુધી સમજવી. તિર્યંચગતિમાં પણ એકથી પાંચ ઇન્દ્રિયવાળા જીવો હોય છે.

એક જ સ્પર્શેન્દ્રિયવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ એકેન્દ્રિય જીવો છે. એકેન્દ્રિય-પણાથી કાંઇક વિકાસ પામેલા જીવો સ્પર્શન અને રસન એમ બે ઇન્દ્રિયવાળા થાય. શંખ, કોડા, છીપ અળસિયા, જળો, પાણીના પોરા, લાકડામાં થતાં કીડા વગેરે જીવો બે ઇન્દ્રિયવાળા હોય છે.

એથી પણ કાંઇક વધારે વિકાસ અથવા શક્તિ પામેલા જીવો સ્પર્શન, રસન અને ઘ્રાણ અર્થાત્ ચામડી, જીભ, અને નાક એમ ત્રણ ઇન્દ્રિયવાળા થાય,

કાનખજુરા, કંથવા, જૂ, કીડી, મકોડા, માંકડ, ધાન્યમાં થતાં ધનેડાં, ચોખા વગેરેમાં થતી ઇયળ, છાણુમાં થતાં કીડા, વિષ્ઠા–અશુચિમાં થતાં કીડા, તથા ઊધઇ, ઘીમેલ વગેરે જીવો ત્રણ ઇન્દ્રિયવાળા હોય છે.

તેનાથી પણ કાંઇક વધારે વિકાસ પામેલા જીવો સ્પર્શન, રસન, ઘ્રાણ, અને ચક્ષુ આ ચાર ઇન્દ્રિયવાળા થાય છે. વીંછી, ભમરા, ભમરી, માખી, મધમાખી, તીડ, બગાઇ, કંસારી, ખડમાંકડી, કરોળિયા, કુંતી, ડાંસ, મચ્છર, પતંગિયા વગેરે જીવો ચાર ઇન્દ્રિયવાળા હોય છે.

દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય આ ત્રણ પ્રકારના જીવોનાં ઉપર થોડાં થોડાં નામ આપ્યાં છે. એની ઘણી જાતિઓ જુદા જુદા સ્થળોમાં થાય છે. એ ત્રણેય પ્રકારના જીવોને વિકલેન્દ્રિય જીવો કહેવાય છે.

આવા નાના જીવોની હિંસાથી જેટલા અંશે બચાય તેટલા અંશે બચીને ચાલવાનો પ્રયત્ન કરવો જોઇએ.

માનવજાતિ સર્વ જીવોથી સમજદાર અને શ્રેષ્ઠ કહેવાય છે. માટે માનવોએ પોતાની સમજણનો અને શક્તિનો ઉપયોગ ઓછી શક્તિવાળા અને અલ્પ સંજ્ઞાવાળા જીવોની રક્ષા કરવામાં જ કરવો જોઇએ.

પોતાના શરીરની રક્ષાના બહાને, રોગાદિથી બચવા માટે, અથવા ચીજ-વસ્તુ બગાડી નાખે કે ઊગતા પાકને ખાઇ જાય, એવા ઓઠા નીચે માંકડ, ચાંચડ, મચ્છર, માખી, જૂ, કાતરા, ઉંદર, ભૂંડ વગેરે અનેક જાતના જીવોને મારી નાખવાની વ્યવસ્થા કરવી, એને માટેની યોજનાઓ તૈયાર કરવી, એવી વાતોનો પ્રચાર કરવો, જીવોને મારી નાખે એવી દવાઓ બનાવવી, એવી દવાઓનો વેપાર કરવો, એવી દવાઓની જાહેરાત કરવી, એવી દવાઓ વાપરવાની બીજાઓને સલાહ આપવી વગેરે પ્રવૃત્તિઓ માનવીને હિંસક ભાવ તરફ દોરી જનારી છે. હૃદયમાંથી દયાનો નાશ કરનારી છે. ક્રૂર પરિણામ લાવનારી છે. વૈરની પરંપરાને વધારનારી છે. પાપ અને દુઃખની વૃદ્ધિ કરનારી છે.

જીવોને મારી નાખવાથી જીવોનો નાશ થઇ જાય છે, એવી માન્યતા ભૂલ ભરેલી છે. એવો પ્રચાર જુઠ્ઠો છે.

દવાઓ છાંટીને જીવોને મારી નાખવાથી એમની ઉત્પત્તિ અનેકગણી વધી જાય છે. કારણ કે એ જીવો સંમૂર્ચ્છિમ હોય છે. સંમૂર્ચ્છિમ જીવો પોતાની જાતિના જીવોના મરેલા શરીરનાં અવયવોમાં કરોડો–અબજોની સંખ્યામાં પેદા થઇ જાય છે.

પોતાની સુખ–સગવડને માટે શક્તિહીન અને અજ્ઞાનદશામાં રહેલા નાના જીવોને મારવાની વૃત્તિ રાખવી એ ઘણું અજુગતું ગણાય. જેમ નાના બાળકોની રક્ષા કરવાની મોટા માણસોની ફરજ છે, તેમ પોતાનાથી નાના ને નબળા જીવોની રક્ષા કરવાની પણ માનવજાતની ફરજ છે. સર્વ જીવોમાં માનવો મોટા છે. નાના જીવોની રક્ષા કરવી એ મોટા બનવાનું સાચું ફળ છે.

પંચેન્દ્રિય જીવો :- ચાર ઇન્દ્રિયવાળા જીવો કરતાં પાંચ ઇન્દ્રિયવાળા જીવોને એક શ્રોત્રેન્દ્રિય–કાન અધિક હોય છે. (૧) દેવો (૨) મનુષ્યો (૩) તિર્યંચો અને (૪) નારકો–પંચેન્દ્રિય જીવો આ પ્રમાણે ચાર પ્રકારના છે.

દેવો નીચે અધોલોકમાં–પાતાલલોકમાં વસનારા પણ છે, આ મનુષ્યલોકમાં રહેનારા પણ છે, અને

ઊર્ધ્વલોકમાં રહેનારા પણ છે. મનુષ્યો મધ્યલોકમાં જ વસનારા છે. તિર્યંચગતિના એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવો અહીં મધ્યલોકમાં–મનુષ્ય-લોકમાં વસનારા છે. સ્વર્ગલોકમાં માત્ર એકેન્દ્રિય જીવો હોય છે. ત્યાં વિકલેન્દ્રિય જીવો હોતા નથી. નારક જીવો નીચે અધોલોકમાં વસનારા છે.

મધ્યલોકમાં અથવા મનુષ્યલોકમાં રહેલા માનવોને તિર્યંચગતિના જીવોનો વિશેષ પરિચય હોય છે.

**તિર્યંચગતિના જીવો :–** એકેન્દ્રિયથી માંડીને ચતુરિન્દ્રિય સુધીના જીવો, તથા પશુ–પંખી વગેરે પંચેન્દ્રિય જીવોને તિર્યંચગતિના જીવો કહેવાય છે.

પાણીમાં જીવનારા માછલાં, મગરમચ્છ, કાચબા વગેરે તથા જમીન ઉપર ફરનારા સાપ, અજગર, નોળિયા, સસલા ઉંદર, ખિસકોલી, ચંદનઘો, ગરોળી, સિંહ, વાઘ, દીપડા, શિયાળ, વાંદરા, હાથી, ઘોડા, હરણ, રોઝ, ભૂંડ, કૂતરાં, બિલાડા વગેરે અનેક જાતિના પ્રાણીઓ તેમજ આકાશમાં ઊડનારા ગરુડ, સમળી, ઘુવડ, કાગડા, કબૂતર, ચકલાં, કોયલ, પોપટ, મોર, બતક, બગલા, હંસ, વગેરે જાતજાતના પક્ષીઓ પાંચ ઇન્દ્રિયવાળા હોય છે. પક્ષીઓને આપણી જેમ

બહાર દેખાતી કાનની આકૃતિ હોતી નથી. તેમને કાનની જગ્યાએ મીંડાં હોય છે, અને તેની અંદરના ભાગમાં શબ્દ સાંભળવા માટેનો પડદો હોય છે. તેવી જ રીતે સાપને પણ કાનની જગ્યાએ મીંડાં હોય છે, અને તેમાં પડદો હોય છે.

પોતાના સ્વાર્થને ખાતર અથવા શોખને ખાતર અથવા તો પશુ-પક્ષીઓ આપણું નુકસાન કરનારા છે, એવી માન્યતા ધરાવીને તેમની હિંસા કરવી, કે બીજા પાસે કરાવવી એ મહાપાપ છે, ઘોર અન્યાય છે. એવા પાપ વડે જગતમાં ઘણી અશાંતિ ફેલાય છે. આવા પાપનો પ્રચાર કરનારાઓને ઘોર નરકનાં અસહ્ય દુઃખો અસંખ્યાતા કાળ સુધી પરવશપણે સહન કરવાં પડે છે. ત્યાં ગમે તેટલા પોકાર કરવા છતાં કોઇ બચાવનાર મળતું નથી. અજ્ઞાની અથવા અભિમાની માણસો પાપની પરંપરા વધારે છે. આ ભવનાં પાપનાં ફળરૂપે તેમના ઉપર આવી પડનારા ભવાંતરના ભયંકર દુઃખોની કલ્પના પણ રોમાંચ ખડા કરી દે અથવા આખા શરીરે ધ્રુજારી લાવી દે એવી છે. પંખીઓનાં ઇંડાં પણ પાંચ ઇન્દ્રિયવાળા સંજ્ઞી પર્યાપ્તા જીવરૂપ છે. ઇંડાં ખાવા

એ માંસાહાર કરવા સ્વરૂપ જ છે. માંસાહાર કરવાથી જેટલું પાપ લાગે એટલું જ પાપ ઈંડાં ખાવાથી લાગે. જાતજાતની કુયુક્તિઓ દ્વારા અબુધ માણસોને ઊંધું ચત્તું સમજાવીને તેમને માંસાહારી બનાવવાનો પ્રયત્ન કરવો, એમાં સહાયક થવું, એ અબોલ પ્રાણીઓ પ્રત્યેનો દ્રોહ છે. એટલું જ નહિ એમાં માનવજાતનું પણ અકલ્યાણ છે. કોઇ પણ કાળે જીવોની હિંસા શાંતિ કે આબાદી આપનાર બને જ નહિ. એનાથી અશાંતિ અને બરબાદી જ થાય. અહિંસા, દયા, કરુણા અને ક્ષમા વડે જ માનવજાત શાંતિ પામી શકે, અને બીજા જીવોને પણ શાંતિ પમાડી શકે.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોને વિશેષ વિસ્તારથી સમજાવવા એમના પાંચસો ત્રેસઠ ભેદ આગમાદિ શાસ્ત્રોમાં કહ્યા છે. એકેન્દ્રિયના બાવીશ ભેદ, બેઇન્દ્રિયના બે ભેદ, તેઇન્દ્રિયના બે ભેદ, ચઉરિન્દ્રિયના બે ભેદ, અને પંચેન્દ્રિયના પાંસસો પાંત્રીસ ભેદ (૨૨+૨+૨+૨+૫૩૫=૫૬૩) એમ પાંચસો ને ત્રેસઠ ભેદ થાય.

અથવા ચાર ગતિમાં રહેલા જીવોના જુદી જુદી રીતે ભેદ ગણીએ તો પણ પાંચસો ત્રેસઠ ભેદ આવી

રીતે થાય છેઃ નારકના ચૌદ ભેદ, તિર્યંચના અડતાલીસ ભેદ, મનુષ્યના ત્રણસો ત્રણ ભેદ, દેવોના એકસો ને અઠ્ઠાણું ભેદ (૧૪+૪૮+૩૦૩+૧૯૮=૫૬૩).

આ પાંચસો ત્રેસઠ ભેદવાળા જીવો ચૌદ રાજલોકમાં વ્યાપીને રહેલા છે. તેમાંના કેટલાક જીવો સંપૂર્ણ લોકમાં વ્યાપીને રહેલા છે અને કેટલાક જીવો લોકના અમુક ભાગમાં રહેનારા છે.

રાજલોક એ ક્ષેત્રના એક પ્રકારના માપનું નામ છે. જેમ હાથ, દંડ, માઇલ, ગાઉ, યોજન વગેરે માપથી લોકનો વ્યવહાર ચાલે છે, તેમ રાજલોક અથવા રજ્જુ એ ક્ષેત્રના એક વિશાળ ભાગનું શાસ્ત્રીય પારિભાષિક નામ છે.

અસંખ્યાતા કોટાકોટિ યોજન પ્રમાણ અતિ વિશાળ ક્ષેત્રને એક રાજ કહેવાય છે.

લોક અથવા લોકાકાશની ઊંચાઇ ચૌદ રાજ પ્રમાણ છે. તેમાં ઉપરથી નીચે સુધીમાં કોનાં કોનાં સ્થાનો આવેલાં છે તે અહીં સંક્ષેપમાં કહેવાય છે.

(૧) સૌથી ઉપરના પહેલા રાજમાં અનંતાનંત સિદ્ધ થયેલા આત્માઓ રહેલા છે. તેમની નીચે

સિદ્ધશિલા આવેલી છે. અને એ સિદ્ધશિલાની નીચે પાંચ અનુત્તર વિમાનો આવેલાં છે.

(૨) બીજા રાજમાં નવ ગ્રૈવેયક દેવલોક આવેલા છે.

(૩) ત્રીજા રાજમાં બારમો, અગિયારમો, દશમો અને નવમો આ ચાર દેવલોક આવેલા છે.

(૪) ચોથા રાજમાં આઠમો અને સાતમો આ બે દેવલોક આવેલા છે.

(૫) પાંચમા રાજમાં છઠ્ઠો અને પાંચમો આ બે દેવલોક આવેલા છે.

(૬) છઠ્ઠા રાજમાં ચોથો અને ત્રીજો આ બે દેવલોક આવેલા છે.

(૭) સાતમા રાજમાં બીજો અને પહેલો, આ બે દેવલોક આવેલા છે. ત્યાર પછી ઘણા નીચે આવીએ ત્યારે ઊર્ધ્વલોક પૂરો થાય, અને તીર્ચ્છાલોક અર્થાત્ મધ્યલોક આવે.

મધ્યલોકમાં સૌથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષ્ક દેવોનાં અસંખ્ય વિમાનો આવેલાં છે.

એનાથી નીચે મનુષ્યલોક આવેલો છે. એમાં વચ્ચે જંબૂદ્વીપ છે. એની ફરતા અસંખ્યાતા દ્વીપો અને

સમુદ્રો આવેલાં છે. એની નીચે વાણુવ્યંતર અને વ્યંતર જાતિના દેવોનાં સ્થાન છે. ત્યાં તીર્છાલોક પૂરો થાય છે, અને અધોલોક શરૂ થાય છે.

અધોલોકમાં સૌથી ઉપર પહેલી નારકીના નારક જીવોનાં સ્થાન છે. તેમાં વચ્ચે વચ્ચે પાતાલલોકવાસી ભવનપતિ દેવોનાં સ્થાનો પણ આવેલાં છે.

પહેલી નરક પૃથ્વી પૂરી થયા પછી, કેટલેક દૂર નીચે ગયા પછી ચૌદ રાજનું મધ્યબિંદુ આવે.

(૮) ત્યાર પછી આઠમો રાજ શરૂ થાય, આઠમા રાજમાં ચૌદ રાજના મધ્યબિંદુથી લઇને બીજી નરક પૃથ્વીના ઉપરના તળિયા સુધી આકાશ આવેલું છે.

(૯) નવમા રાજમાં બીજી નરક પૃથ્વી આવેલી છે. તેની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને તેની નીચે ત્રીજી નરક પૃથ્વીના ઉપરના તળિયા સુધી આકાશ આવેલું છે.

(૧૦) દશમા રાજમાં ત્રીજી નરક પૃથ્વી આવેલી છે. તેની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને પછી ચોથી નરક પૃથ્વીના ઉપરના તળિયા સુધી આકાશ આવેલું છે.

(૧૧) અગિયારમા રાજમાં ચોથી નરક પૃથ્વી આવેલી છે. તેની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને પછી પાંચમી નરક પૃથ્વીના ઉપરના તળિયા સુધી આકાશ આવેલું છે.

(૧૨) બારમા રાજમાં પાંચમી નરક પૃથ્વી આવેલી છે. તેની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને પછી છઠ્ઠી નરક પૃથ્વીના ઉપરના તળિયા સુધી આકાશ આવેલું છે.

(૧૩) તેરમા રાજમાં છઠ્ઠી નરક પૃથ્વી આવેલી છે. એની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને પછી સાતમી નરક પૃથ્વીના ઉપરના તળિયા સુધી આકાશ આવેલું છે.

(૧૪) છેવટના નીચેના ચૌદમા રાજમાં સાતમી નરક પૃથ્વી આવેલી છે. એની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને પછી લોકાકાશના નીચેના છેડા સુધી આકાશ આવેલું છે. ત્યાર પછી અલોક આવે છે.

સાતેય નરક પૃથ્વીની નીચે તેના આધારભૂત ઘનોદધિ આવેલો છે. ઘનોદધિ એટલે એક જાતના જામી ગયેલા પાણીનો મોટો જથ્થો.

ઘનોદધિની નીચે તેના આધારરૂપે ઘનવાત આવેલો છે. ઘનવાત એટલે જામી ગયેલા વાયુનો વિશાળ જથ્થો.

ઘનવાતની નાચે તેના આધારરૂપે તનુવાત આવેલો છે. તનુવાત એટલે પાતળા વાયુનો ઘણો મોટો જથ્થો.

તનુવાતની નીચે તેના આધારરૂપે ખાલી આકાશ આવેલું છે. આકાશ કોઇના પણ આધાર વિના રહેલું છે.

**સાતેય નરક પૃથ્વીની જાડાઈ :-**

પહેલી નરક પૃથ્વી એક લાખ એંસી હજાર યોજન જાડી છે.

બીજી નરક પૃથ્વી એક લાખ બત્રીસ હજાર યોજન જાડી છે.

ત્રીજી નરક પૃથ્વી એક લાખ અઠ્ઠાવીસ હજાર યોજન જાડી છે.

ચોથી નરક પૃથ્વી એક લાખ વીશ હજાર યોજન જાડી છે.

પાંચમી નરક પૃથ્વી એક લાખ અઢાર હજાર યોજન જાડી છે.

છઠ્ઠી નરક પૃથ્વી એક લાખ સોળ હજાર યોજન જાડી છે.

સાતમી નરક પૃથ્વી એક લાખ આઠ હજાર યોજન જાડી છે.

આ સાતેય નરક પૃથ્વીઓના પેટાળમાં પ્રતરો—પાથડા આવેલા છે. એમાં નારક જીવો રહે છે.

# અજીવ

અજીવના પાંચ ભેદ છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

આ પાંચ અજીવ, અને જીવ એટલે જીવાસ્તિકાય મળીને છ દ્રવ્યો કહેવાય છે. આ છ દ્રવ્યોમાંથી કાળ સિવાયના પાંચ દ્રવ્યો પ્રદેશોના સમુદાયરૂપ હોવાથી તે પાંચને અસ્તિકાય કહેવાય છે. એક કાળ દ્રવ્ય જ એવું છે કે જેના પ્રદેશોનો સમુદાય બની શકતો નથી, માટે તેને અસ્તિકાય કહેવાતું નથી. માત્ર કાળ જ કહેવાય છે.

જીવનો ગુણ ઉપયોગ, ધર્માસ્તિકાયનો ગુણ ગતિસહાય, અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિસહાય, આકાશનો ગુણ અવકાશ, પુદ્ગલનો ગુણ ગ્રહણ, અને કાળનો ગુણ નવાને જૂનું કરવાનો છે.

અજીવના મુખ્ય બે ભેદ છે : રૂપી અજીવ, અને અરૂપી અજીવ. પુદ્ગલ રૂપી અજીવ છે. ધર્મ, અધર્મ, આકાશ, અને કાળ આ ચાર અરૂપી અજીવ છે.

રૂપી અજીવના પાંસસો ત્રીસ ભેદ થાય છે અને અરૂપી અજીવના ત્રીસ ભેદ થાય છે. બધા મળીને અજીવના પાંચસો સાઇઠ ભેદ પન્નવણા આદિ આગમોમાં કહ્યા છે.

**ધર્માસ્તિકાય :–** આ દ્રવ્ય ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપીને રહેલું છે. દ્રવ્યથી ધર્માસ્તિકાય એક છે અને અખંડ છે. ક્ષેત્રથી સર્વ લોકાકાશ વ્યાપી છે. કાળથી અનાદિ અનંત છે. પારિણામિક ભાવે ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે. અરૂપી છે. અચેતન છે અર્થાત્ જડ છે. ગુણથી ગતિસહાયક છે. પોતાની મેળે ગતિ કરતાં જીવોને અને પુદ્‌ગલોને ધર્માસ્તિકાયની સહાય છે. ધર્માસ્તિકાય અલોકમાં નહિ હોવાથી અલોકમાં જીવ કે પુદ્‌ગલ કોઇ જઇ શકતું નથી. મહાઋદ્ધિવંત અને અખૂટ શક્તિવાળો દેવ પણ લોકના છેડે જઇને પોતાના શરીરના હાથ, પગ વગેરે કોઇ પણ અવયવને અલોકમાં દાખલ કરી શકતો નથી. કારણ કે આ ધર્માસ્તિકાય દ્રવ્ય લોકના છેડા સુધી જ રહેલું છે.

જે જીવ આ મનુષ્યલોકમાં કેવળજ્ઞાન પામી, છેવટે યોગનિરોધ કરી, શૈલેશીકરણ કરી, સર્વસંવરચારિત્ર

પામી, ભવોપગ્રાહી ચાર અઘાતી કર્મોને ખપાવીને, સંપૂર્ણ શુદ્ધ થઇને, આત્માના ઊર્ધ્વગમન સ્વભાવને કારણે અહીંથી એક સમયમાં સાત રાજ ઊંચે લોકાગ્રસ્થાને પહોંચે છે. સિદ્ધિપદને પામે છે. આવા સિદ્ધાત્માઓની અનંતી શક્તિ હોવા છતાં લોકના ઉપરના છેડે જઇને અટકી જાય છે. આગળ જઇ શકતા નથી. કારણ કે ધર્માસ્તિકાય વિના જીવ કે પુદ્ગલનું હલનચલન થઇ શકતું નથી.

લોકનો અંત છે પણ લોકની સર્વ દિશાઓમાં રહેલા અલોકનો અંત નથી. ધર્માસ્તિકાયની સહાય વિના જીવ ગતિ કરી શકતો હોત તો સિદ્ધ થયેલા આત્માઓ અલોકમાં ફર્યા જ કરતા હોત. એમનું સ્થાન-સ્થિતિ ક્યાંય નિયત થઇ શકે જ નહિ. કારણ કે જીવનો સ્વભાવ ઊર્ધ્વ ગતિવાળો છે. માત્ર ધર્માસ્તિ-કાયની સહાયના અભાવે જ તે ઊર્ધ્વલોકના છેડે સ્થિર થાય છે.

ધર્માસ્તિકાય પોતે અક્રિય હોવાથી જીવને અને પુદ્ગલને ચાલવાની પ્રેરણા કરે નહિ, પણ તેઓ પોતાની મેળે ચાલવાની કે ગતિ કરવાની તૈયારી કરે ત્યારે જ તેમાં સહાયક થાય. જેમ પાણીમાં રહેલાં

માછલાંઓ તથા આકાશમાં રહેલાં પંખીઓ જ્યારે ચાલવું-ઊડવું હોય ત્યારે પાણીની અને હવાની સહાય લે છે, તેમ જીવો અને પુદ્‌ગલો ધર્માસ્તિકાયની સહાયથી જ ગતિ કરે છે.

ચૌદ રાજલોક વ્યાપી ધર્માસ્તિકાયને સ્કંધ કહેવાય છે. એના નાના મોટા વિભાગને દેશ કહેવાય છે. અને કેવળજ્ઞાની ભગવંતોની દૃષ્ટિએ જેના બે વિભાગ ન થઇ શકે તેવા સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશને પ્રદેશ કહેવાય છે. ધર્માસ્તિકાયના આ દેશ અને પ્રદેશ હંમેશાં સ્કંધની સાથે જ રહેલા હોય છે.

આ પ્રમાણે ધર્માસ્તિકાયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગુણ, સ્કંધ, દેશ, પ્રદેશ આ આઠ ભેદ છે.

**અધર્માસ્તિકાય :-** ચૌદ રાજલોકમાં ધર્માસ્તિકાયની જેમ વ્યાપીને રહેલું અને ધર્માસ્તિકાય જેવડું જ બીજું દ્રવ્ય અધર્માસ્તિકાય છે. તે પણ અરૂપી છે. દ્રવ્યથી એક છે. ક્ષેત્રથી લોકવ્યાપી છે. કાળથી અનાદિ-અનંત છે. ભાવથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહિત છે. અને ગુણથી સ્થિતિસહાયક છે. અર્થાત્ જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં સહાય કરે છે.

જીવો અને પુદ્‌ગલો જેમ ચૌદ રાજલોકમાં ગતિ કરે છે તેમ અમુક અમુક સમય સુધી સ્થિર પણ રહે છે. સ્થિર થવામાં તેઓ આ અધર્માસ્તિકાય દ્રવ્યની સહાય લે છે.

ધર્માસ્તિકાયની જેમ અધર્માસ્તિકાયના પણ સ્કંધ, દેશ, પ્રદેશ એમ ત્રણ ભેદ છે. તેથી તેના પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગુણ, સ્કંધ, દેશ, પ્રદેશ આ પ્રમાણે આઠ ભેદ થાય છે.

લોકાકાશના, ધર્માસ્તિકાયના, અધર્માસ્તિકાયના તથા પ્રત્યેક જીવના પ્રદેશો અસંખ્યાતા છે. ચારેયના પ્રદેશો સરખા છે. અસંખ્યાત પ્રદેશોવાળા લોકાકાશમાં જીવો અનંતાનંત છે. એક જીવના આત્મપ્રદેશો લોકાકાશના આકાશપ્રદેશો જેટલા જ છે. નાના-મોટા સર્વ જીવોના આત્મપ્રદેશો સરખી સંખ્યામાં છે. પરંતુ જીવના આત્મપ્રદેશોનો સ્વભાવ સંકોચ અને વિકાસ પામવાનો હોવાથી, એક હજાર યોજનના વિરાટ શરીરમાં પણ એટલા જ આત્મપ્રદેશોથી વ્યાપીને રહે છે અને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા અત્યંત નાના શરીરમાં પણ એટલા જ આત્મપ્રદેશોનો સમૂહ સંકોચાઇને રહી જાય છે.

સંસારી જીવો કર્મ વશ છે. કર્મની પરાધીનતાને કારણે તેમને કોઈ ભવમાં શરીર નાનું મળે છે, તો કોઈ ભવમાં ઘણું મોટું મળે છે. આમ સંસારી જીવોને શરીર નાનું-મોટું મળ્યા કરતું હોવાથી, એમના આત્મપ્રદેશોનો સંકોચ અને વિકાસ થયા કરે છે. પણ ચૌદમે ગુણસ્થાનકે ચડીને શૈલેશીકરણ કર્યા પછી સિદ્ધિપદને પામેલા સિદ્ધાત્માઓના આત્મપ્રદેશોનો સંકોચ-વિકાસ થતો નથી. નિષ્પ્રકંપ-સ્થિર જ રહે છે.

**આકાશાસ્તિકાય :-** છ દ્રવ્યોમાં ચોથું આકાશદ્રવ્ય સહુથી વિશાળ છે. તે દ્રવ્યથી એક છે. આકાશ તો બધે એક સરખું જ છે. પણ બીજા દ્રવ્યોના સહવાસને કારણે અને અભાવને કારણે જ તેના લોકાકાશ અને અલોકાકાશ એવા બે વિભાગ છે. જેટલાં આકાશક્ષેત્રમાં જીવ, ધર્મ, અધર્મ આદિ દ્રવ્યો મળીને રહેલાં છે, તેટલા આકાશક્ષેત્રને લોકાકાશ કહેવાય છે. અને જે આકાશક્ષેત્રમાં જીવ આદિ દ્રવ્યોનો અભાવ છે, માત્ર આકાશ (ખાલી જગ્યા) જ છે, તેને અલોકાકાશ કહેવાય છે.

આ આકાશ દ્રવ્ય ક્ષેત્રથી લોકમાં અને અલોકમાં વ્યાપીને રહેલું છે.

કાળથી અનાદિ–અનંત છે. સ્વયં સિદ્ધ છે, શાશ્વત છે. ભાવથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહિત છે. ગુણથી બીજાં દ્રવ્યોને અવકાશ આપવાના સ્વભાવવાળું છે. લોકાલોક વ્યાપ્ત સમગ્ર આકાશ એક અખંડ સ્કંધરૂપ છે. દેશ એટલે વિભાગ. આકાશના અધોલોક વગેરે અનેક વિભાગો ગણી શકાય. પ્રદેશ એટલે સ્કંધ સાથે જોડાઇને રહેલો અવિભાજ્ય અંશ. લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે. અલોકાકાશના પ્રદેશો અનંતા છે. આ પ્રમાણે આકાશ દ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગુણ, સ્કંધ, દેશ અને પ્રદેશ આ આઠ ભેદ છે.

અલોકાકાશ ઘણું મોટું છે. લોકાકાશથી અનંતગણું વિશાળ છે. અલોકની અપેક્ષાએ લોક ઘણો નાનો છે. તે અલોકના અનંતમા ભાગે છે. લોકની ચારે બાજુ સર્વ દિશાઓમાં અલોક વ્યાપીને રહેલો છે. લોક એ અલોકરૂપી વિશાળ મકાનમાં લટકાવેલા નાનકડા ગોળા જેવો છે. અલોકનો આકાર પોલાણવાળા ગોળા જેવો છે. લોકનો આકાર નક્કર ગોળા જેવો છે. અલોકાકાશની મધ્યમાં રહેલું લોકાકાશક્ષેત્ર લંબાઇ, પહોળાઇ ને ઊંચાઇમાં અસંખ્યાતા કોટાકોટિ યોજન પ્રમાણ છે. એ સદા શાશ્વત છે. પોતાની મેળે જ

રહેલું છે, પણ બીજા કોઇના આધારે રહેલું નથી. એમાં જીવોનું પરિભ્રમણ અને પુદ્ગલોનું પરિવર્તન થયા કરે છે. ક્ષણે ક્ષણે નવાં નવાં રૂપ કરીને નાચતાં જીવો અને પુદ્ગલોરૂપી નટોને નાચવાની રંગભૂમીરૂપ લોકાકાશ છે. લોકાકાશ નીચેથી પહોળું છે, વચમાં સાંકડું છે, ઉપર જતાં મધ્યમાં પહોળું છે અને છેવટે સાંકડું છે.

કાળ :- છ દ્રવ્યોની અપેક્ષાએ છઠ્ઠું અને અરૂપી અજીવ દ્રવ્યોની અપેક્ષાએ ચોથું કાળ નામનું દ્રવ્ય છે. કાળમાં સમયોનો સમુદાય નહિ હોવાથી તેને અસ્તિકાય કહેવાય નહિ. પૂર્વનો એક સમય વીતી ગયા પછી બીજો સમય આવે. તેથી સમયોનો સમૂહ ભેગો થઇ શકતો નથી. માટે એના સ્કંધ, દેશ, પ્રદેશ વગેરે ભેદ પડતાં નથી. વર્તમાન જે એક સમય, તે એક સમયરૂપ જ કાળ દ્રવ્ય છે.

વર્તના, પરિણામ, ક્રિયા અને પરાપરત્વ એ કાળનો ઉપકાર છે. વર્તના એટલે સર્વ પદાર્થોનું તે તે સમયે ઉત્પત્તિ આદિ રૂપે હોવું તે. પરિણામ એટલે બાલ, યુવાન, વૃદ્ધ વગેરે ભિન્ન ભિન્ન અવસ્થાઓ. ક્રિયા એટલે

પરિણામનું રૂપાન્તર, અર્થાત્ સમયે સમયે પદાર્થોમાં થતો ફેરફાર. પરત્વ એટલે મોટાપણું અથવા જૂનાપણું. અપરત્વ એટલે નાનાપણું અથવા નવાપણું.

સમય, આવલિકા, મુહૂર્ત, અહોરાત્ર વગેરે કાળ દ્રવ્યના વિભાગો છે. તે વ્યવહારનયથી દ્રવ્યરૂપ છે.

દ્રવ્યથી કાળ અનંત સમયરૂપ છે. ક્ષેત્રથી ચર જ્યોતિષ્ક વિમાનો (ફરતાં ચંદ્ર, સૂર્ય વગેરે) મનુષ્ય-ક્ષેત્રરૂપ અઢીદ્વીપમાં જ હોવાથી, કાળ મુખ્યતયા મનુષ્યક્ષેત્રવર્તી છે. પરંતુ અધોલોકમાં અને ઊર્ધ્વ-લોકમાં નારકો અને દેવોના આયુષ્યની ગણના મનુષ્ય ક્ષેત્રવર્તી કાળના આધારે જ થતી હોવાથી એ અપેક્ષાએ કાળદ્રવ્યને ક્ષેત્રથી ચૌદ રાજલોકવર્તી પણ કહેવાય છે. કાળથી તે અનાદિ–અનંત છે. ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે. ગુણથી જીવ, પુદ્ગલ આદિ દ્રવ્યોને નાનાં મોટાં અથવા નવાં જૂનાં વગેરે બતાવનાર છે. એના સ્કંધ, દેશ, પ્રદેશ વગેરે ભેદો નહિ હોવાથી અને તે વર્તમાન એક સમયરૂપ જ હોવાથી કાળના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગુણ અને સમય એ છ ભેદો થાય છે. ધર્માસ્તિકાયના આઠ, અધર્માસ્તિકાયના આઠ, આકાશાસ્તિકાયના આઠ અને

કાળના છ, આમ બધા મળીને ચાર અરૂપી અજીવ દ્રવ્યના ત્રીસ ભેદ થાય છે.

કાળ એ દ્રવ્ય છે. નવું-જૂનું કરવારૂપ વર્તના એ એનો ગુણ છે. વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ, સૂર્યોદયકાળ, બાલ્યકાળ, તરુણકાળ વગેરે એના પર્યાય છે. વસ્તુ ક્યારે બની, બને છે, કે બનશે એની ખબર કાળથી પડે છે. જૈનશાસ્ત્રો પ્રમાણે કાળના માપ નીચે મુજબ છે.

## કાળનું માપ

### સમયથી માંડીને પુદ્ગલ પરાવર્ત્ત સુધી

**સમય**-સૌથી જઘન્ય, સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળ એટલે સમય. કોઇ યુવાન માણસ અત્યંત જીર્ણ વસ્ત્ર ફાડે ત્યારે એક તંતુથી બીજો તંતુ ફાટવામાં વચ્ચે અસંખ્ય સમય વીતી જાય છે. કેવળજ્ઞાનીની દૃષ્ટિએ પણ જેના બે વિભાગ ન થઇ શકે તેવા નાનામાં નાના કાળના વિભાગને સમય કહેવાય છે.

**આવલિકા**-આવા અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. અત્યારના કાળના માપની સાથે સરખાવીએ તો એક મિનિટમાં ૩૪૯૫૨૫ $\frac{1}{3}$ આવલિકા થાય.

ક્ષુલ્લકભવ-૨૫૬ આવલિકાનો એક ક્ષુલ્લક ભવ થાય.

શ્વાસોચ્છ્વાસ-૧૭ા ($૧૭\frac{૧૩૯૫}{૩૭૭૩}$) ક્ષુલ્લકભવનો એક શ્વાસોચ્છ્વાસ થાય. શ્વાસોચ્છ્વાસ એટલે પ્રાણ.

સ્તોક — હૃષ્ટ-પુષ્ટ યુવાનના સાત પ્રાણનો એક સ્તોક થાય.

લવ — સાત સ્તોકનો એક લવ થાય.

મુહૂર્ત-૭૭ લવનું એક મુહૂર્ત થાય. ૧૬૭૭૭૨૧૬ આવલીનું અથવા બે ઘડીનું અથવા ૪૮ મિનિટનું પણ એક મુહૂર્ત થાય. નવ સમયથી માંડીને મુહૂર્તમાં એક સમય ઓછો રહે ત્યાં સુધીના કાળને અંતર્મુહૂર્ત કહેવાય.

અહોરાત્ર-અહોરાત્ર એટલે રાત્રિ સહિતનો દિવસ. ૩૦ મુહૂર્ત અથવા ૬૦ ઘડી અથવા ૨૪ કલાકને એક અહોરાત્ર અર્થાત્ દિવસ કહેવાય.

પક્ષ- ૧૫ દિવસનું એક પક્ષ અર્થાત્ પખવાડિયું થાય.

માસ-બે પક્ષનો એક માસ થાય.

ઋતુ-બે માસની એક ઋતુ થાય.

**અયન**–ત્રણ ઋતુનું અથવા છ માસનું એક અયન થાય. (દક્ષિણાયન અને ઉત્તરાયણ નામના બે અયન છે).

**વર્ષ**–બે અયનનું અથવા ૧૨ માસનું એક વર્ષ થાય.

**યુગ**–પાંચ વર્ષનો અથવા ૬૦ માસનો અથવા ૧૮૩૦ દિવસનો એક યુગ થાય.

**પૂર્વાંગ**–૮૪ લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય.

**પૂર્વ**–૮૪ લાખ પૂર્વાંગનું અથવા ૭૦૫૬૦ અબજ (૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦) વર્ષનું એક પૂર્વ થાય.

**પલ્યોપમ**–પલ્ય એટલે કૂવો અને ઉપમા એટલે સરખામણી. કૂવાની ઉપમા દ્વારા સમજાવાતો કાળ તે પલ્યોપમ કાળ.

ઉત્સેધ આંગુલના માપથી એક યોજન લાંબો, પહોળો, ઊંડો ને ગોળાકાર કૂવો હોય, તેમાં સાત દિવસના જન્મેલા યુગલિક મનુષ્યના અથવા ઘેટાના અત્યંત પાતળા એવા વાળના સંખ્યાતા ટુકડા કરીને તેનાથી કૂવો એવો ખીચોખીચ ભર્યો હોય, એવો ઠાંસી ઠાંસીને ભર્યો હોય કે તેના ઉપરથી ચક્રવર્તીની આખી સેના ચાલીને જવા છતાં તેમાંના વાળ તલમાત્ર પણ

દબાય નહિ, એવા ને એવા જ નક્કર રહે. આવી રીતે વાળથી ઠાંસીને ભરેલા કૂવામાંથી દર સો વરસે એક ટુકડો કાઢતાં કૂવો જ્યારે સંપૂર્ણ ખાલી થાય ત્યારે બાદર અદ્ધા પાલ્યોપમ કાળ થાય. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કાળ તો તેનાથી ઘણો મોટો છે. એ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કાળથી જીવોના આયુષ્યની ગણતરી થાય છે.

એક અંગુલ પ્રમાણ લંબાઇવાળા વાળના ૨૦ લાખ, ૯૭ હજાર, ૧૫૨ ટુકડા થાય. તેને તેટલી જ સંખ્યા વડે એટલે ૨૦,૯૭,૧૫૨ ની સંખ્યા વડે ગુણવાથી પ્રતર અંગુલ પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. તે સંખ્યાને પણ ૨૦,૯૭,૧૫૨ વડે ગુણવાથી ઘન અંગુલ પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. તેને ૯૬ વડે ગુણવાથી શ્રેણી ધનુષ્ય પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. તેને પણ ૯૬ વડે ગુણવાથી પ્રતર ધનુષ્ય પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. તેને પણ ૯૬ વડે ગુણવાથી ઘન ધનુષ્ય પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. એને ૨૦૦૦ વડે ગુણવાથી શ્રેણિ ગાઉ

પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. એને ૨૦૦૦ વડે ગુણવાથી પ્રતર ગાઉ પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. એને પણ ૨૦૦૦ વડે ગુણવાથી ઘન ગાઉ પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. એને ચાર વડે ગુણવાથી શ્રેણી યોજન પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. એને પણ ચાર વડે ગુણવાથી પ્રતર યોજન પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય. એને પણ ચાર વડે ગુણવાથી ઘન યોજન પ્રમાણ જગ્યામાં સમાય તેટલા ટુકડા વાળના થાય.

આ કૂવો ગોળાકાર હોવાથી છેલ્લે જે અંકસંખ્યા આવે તેને ૧૯ વડે ગુણીને ૨૪ વડે ભાગવી. આ પ્રમાણે કરવાથી ૨૯ આંકડા ઉપર નવ મીંડાવાળી અંકસંખ્યા આવશે. આટલા વાળના ટુકડા એક યોજન લાંબા, પહોળા ને ઊંડા કૂવામાં સમાય છે. આ કૂવાનું માપ ઉત્સેધ આંગુલના યોજન પ્રમાણે સમજવું.

અસંખ્યાતા પૂર્વ અથવા અસંખ્યાતા વર્ષ એટલે એક પલ્યોપમ.

**સાગરોપમ** - સાગરની સાથે જેની સરખામણી કરી શકાય અથવા સાગર જેટલો મોટો કાળ વિભાગ તે સાગરોપમ કાળ.

કરોડની સંખ્યાને કરોડ વડે ગુણવાથી જે સંખ્યા આવે તેને કોડાકોડી કહેવાય. આવા દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય.

**અવસર્પિણી** – દશ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી થાય.

**ઉત્સર્પિણી** – તેવી જ રીતે ઉત્સર્પિણી પણ દશ કોડાકોડી સાગરોપમની થાય.

**કાળચક્ર** – અવસર્પિણી અને ઉત્સર્પિણી બંને મળીને અર્થાત્ વીશ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય.

**પુદ્ગલપરાવર્ત** – અનંતા કાળચક્રો પસાર થાય ત્યારે એક પુદ્ગલ પરાવર્ત કાળ થાય.

**ભૂતકાળ** - અનંતા પુદ્ગલ પરાવર્ત પ્રમાણ છે.

**ભાવિકાળ** - તે પણ અનંતા પુદ્ગલ પરાવર્ત પ્રમાણ છે.

**સર્વકાળ** – ભૂત, ભાવી અને વર્તમાન ત્રણેય કાળ મળીને સર્વાદ્ધા અર્થાત્ સર્વકાળ કહેવાય છે.

એકથી બાર સુધીના આંકડા બતાવતા ઘડિયાળના ડાયલમાં જમણી બાજુ અને ડાબી બાજુ ૬/૬ આંકડાનો એક એક વિભાગ પડે છે, તેમ કાળચક્રમાં પણ અવસર્પિણી અને ઉત્સર્પિણી રૂપ બે વિભાગ પડે છે. તે બંને વિભાગમાં ૬/૬ આરા હોય છે. 'આરો' એટલે કાળ વિભાગ.

અવસર્પિણી કાળ એટલે ઊતરતો અથવા પડતો કાળ અને ઉત્સર્પિણી કાળ એટલે વૃદ્ધિ પામતો અથવા ચડતો કાળ. અવસર્પિણી કાળમાં દરેક વસ્તુની ક્રમે ક્રમે હાનિ થાય છે અને ઉત્સર્પિણી કાળમાં દરેક વસ્તુની ક્રમે ક્રમે વૃદ્ધિ થાય છે.

## અવસર્પિણી કાળના ૬ આરા

૧ – પહેલો આરો સુષમસુષમ નામનો સુખ ભરપુર અને ચાર કોડાકોડી સાગરોપમનો હોય છે. તેમાં મનુષ્યનું દેહપ્રમાણ ૩ ગાઉનું હોય છે, આયુષ્ય ૩ પલ્યોપમનું હોય છે અને શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે. મનુષ્યો વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા હોય છે. સ્ત્રી અને પુરુષનું યુગલ સાથે જન્મે છે. તેઓ અલ્પ ઇચ્છા અને અલ્પ કષાયવાળા હોય છે. દશ પ્રકારના કલ્પવૃક્ષો તેમની ઇચ્છાઓ પૂર્ણ કરે છે. તેમને રોજ નહિ પણ ત્રણ ત્રણ દિવસના આંતરે આહારની ઇચ્છા થાય છે.

કલ્પવૃક્ષનાં ફળ ખૂબ જ રસકસવાળાં હોવાથી તુવેરના દાણા પ્રમાણ આહાર કરવા માત્રથી તેમને તૃપ્તિ થઈ જાય છે. પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે યુગલિની એક પુત્ર–પુત્રીરૂપ યુગલને જન્મ આપે છે અને ૪૯ દિવસ સુધી તેનું પાલન–પોષણ કરે છે. પછી નવું યુગલ સ્વાવલંબી થઇને સ્વતંત્રપણે વિચરે છે. આયુષ્ય પૂર્ણ થયે માતાપિતા છીંક કે બગાસું આવતાં વિના કષ્ટે દેહત્યાગ કરીને અલ્પ વિષય–કષાયને કારણે દેવગતિ પામે છે.

૨ – બીજો આરો પણ સુષમ નામનો, સુખ ભરપૂર અને ત્રણ કોડાકોડી સાગરોપમનો હોય છે. દેહ, બુદ્ધિ, બળ, આયુષ્ય, પૃથ્વી વગેરેના રસકસ આદિ તથા સારભૂત પદાર્થોના ગુણોમાં ઉત્તરોત્તર હાનિ થાય છે. આ બીજા આરામાં મનુષ્યનું દેહપ્રમાણ ૨ ગાઉનું હોય છે, આયુષ્ય ૨ પલ્યોપમનું હોય છે અને શરીરમાં પાંસળીઓ ૧૨૮ હોય છે. તેમને આહારની ઇચ્છા બે બે દિવસના આંતરે થાય છે અને બોર પ્રમાણ આહાર કરવા માત્રથી તૃપ્તિ થઇ જાય છે. છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે જન્મતાં પુત્ર–પુત્રી-રૂપ યુગલનું પાલન ૬૪ દિવસ સુધી કરે છે. આયુષ્ય પૂર્ણ થયે માતાપિતા વિના કષ્ટે દેહત્યાગ કરીને દેવગતિ પામે છે.

૩ – ત્રીજો આરો સુષમદુઃષમ નામનો અને બે કોડાકોડી સાગરોપમનો હોય છે. આમાં સુખ ઘણું હોય છે અને સાથે થોડું દુઃખ પણ હોય છે. આ ત્રીજા આરામાં મનુષ્યનું દેહપ્રમાણ ૧ ગાઉનું હોય છે, આયુષ્ય ૧ પલ્યોપમનું હોય છે અને શરીરમાં પાંસળીઓ ૬૪ હોય છે. તેમને આહારની ઇચ્છા એક એક દિવસના આંતરે થાય છે અને આંબળા પ્રમાણ આહાર કરવા માત્રથી તૃપ્તિ થઈ જાય છે. છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે જન્મતાં પુત્ર–પુત્રી-રૂપ યુગલનું પાલન ૭૯ દિવસ સુધી કરે છે. આયુષ્ય પૂર્ણ થયે માતાપિતા વિના કષ્ટે દેહત્યાગ કરીને દેવગતિ પામે છે.

૪ – ચોથો આરો દુઃષમસુષમ નામનો અને ૪૨ હજાર વરસ જેમાં ઓછાં છે એવા એક કોડાકોડી સાગરોપમનો હોય છે. આ ચોથા આરામાં દુઃખનું પ્રમાણ વધી જાય છે અને સુખનું પ્રમાણ ઘટી જાય છે.

ત્રીજા આરાના જ્યારે ૮૪ લાખ પૂર્વ, ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહે રહે છે ત્યારે પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. પડતા કાળના પ્રભાવે કલ્પવૃક્ષનો મહિમા ધીમે ધીમે નષ્ટ થતો જાય છે. ધાન્યની ઉત્પત્તિ તો ચાલુ જ હોય છે, પણ કલ્પ-વૃક્ષનાં ફળો મળતાં હોય ત્યાં સુધી લોકો ધાન્ય ખાતાં

નથી. જ્યારે કલ્પવૃક્ષનાં ફળો મળતાં બંધ થાય છે ત્યારે લોકો કાચું ધાન્ય ખાવા લાગે છે. અત્યંત સારા કાળમાં અને અત્યંત ખરાબ કાળમાં બાદર અગ્નિનો અભાવ હોય છે. અવસર્પિણીના ત્રીજા આરાના છેડે તથા ચોથા અને પાંચમા આરામાં બાદર અગ્નિ હોય છે. ઉત્સર્પિણીના બીજા અને ત્રીજા આરામાં તથા ચોથા આરાની શરૂઆતમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી બાદર અગ્નિ હોય છે. બાકીના આરામાં બાદર અગ્નિનો અભાવ હોય છે. અગ્નિના અભાવે લોકો કાચું ધાન્ય ખાવા લાગે છે. પણ તેનાથી તેમને અજીરણ થાય છે. પછી પ્રથમ તર્થંકરે બતાવેલા ઉપાય મુજબ, ધાન્યને મુઠ્ઠી અને બગલમાં રાખી શરીરની ગરમી આપવા દ્વારા તથા પાણીથી પલાળવા દ્વારા તેને સુપાચ્ય બનાવીને ખાય છે. આમ છતાં પણ તેમને અજીરણ થાય છે. છેવટે ત્રીજા આરાના અંત ભાગે જંગલમાં ઝાડની ડાળીઓ પરસ્પર ઘસાવાથી જ્યારે બાદર અગ્નિની ઉત્પત્તિ થાય છે, ત્યારે યુગલિક મનુષ્યોની વિનંતિથી પ્રથમ તીર્થંકર (સાધુ થવા પૂર્વે) પ્રથમ રાજા બને છે અને લોકોને કુંભકારનું પ્રથમ શિલ્પ શીખવે છે. તેથી લોકો માટીનાં વાસણો બનાવતાં શીખે છે અને તેમાં અગ્નિ દ્વારા ધાન્ય પકાવીને ખાય છે. ત્યાર પછી પ્રથમ રાજા (તીર્થંકર) પ્રજાના હિતને માટે તેમને લોહકાર વગેરેના બીજા શિલ્પો પણ શીખવે છે. તેમજ સ્ત્રીઓની ૬૪ કળા

અને પુરુષોની ૭૨ કળાઓ પણ શીખવે છે. તેનાથી લોકો સારી રીતે જીવન જીવતાં થાય છે.

પ્રથમ તીર્થંકરના નિર્વાણ બાદ ત્રણ વર્ષ અને સાડા આઠ માસ વીત્યા પછી ચોથા આરાની શરૂઆત થાય છે. પુત્ર–પુત્રીરૂપ યુગલિકોની ઉત્પત્તિ બંધ થાય છે.

૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિ-વાસુદેવ અને ૯ બળદેવ આ પ્રમાણે ૬૩ શલાકા-પુરુષોમાંથી પ્રથમ તીર્થંકર અને પ્રથમ ચક્રવર્તી ત્રીજા આરાને અંતે થાય છે અને બાકીના શલાકા –પુરુષો ચોથા આરામાં થાય છે.

ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહે ત્યારે ૨૪ મા અર્થાત્ છેલ્લા તીર્થંકરનું નિર્વાણ (મોક્ષગમન) થાય છે.

૫–અંતિમ તીર્થંકરના નિર્વાણ બાદ ત્રણ વષ અને સાડા આઠ માસ અર્થાત્ ૮૯ પખવાડિયા વીત્યા પછી ચોથો આરો પૂર્ણ થાય છે અને દુઃષમ નામનો ૨૧ હજાર વરસનો પાંચમો આરો શરૂ થાય છે.

પાંચમા આરાની શરૂઆતમાં મનુષ્યના દેહનું પ્રમાણ ૭ હાથનું હોય છે, આયુષ્ય ૧૨૫ વર્ષનું હોય છે અને શરીરમાં પાંસળીઓ ૧૬ હોય છે.

તેમનો આહાર અનિયત હોય છે. ધાન્યમાં રસકસની હાનિ થવાથી આહારનું પ્રમાણ ઘણું વધી જાય છે.

પાંચમા આરાના અંતપર્યંત એટલે ૨૧ હજાર વર્ષ સુધી ભગવાન મહાવીરદેવનું શાસન ચાલવાનું છે. તેમાં અનેકવાર શાસનની ચડતી–પડતી થવાની છે. લોકોના હૃદયમાં ઉત્તરોત્તર ક્રોધ, માન, માયા, લોભ એ ચારેય કષાયોની વૃદ્ધિ થશે. આહાર, નિદ્રા, ભય, મૈથુન, પરિગ્રહ આદિ સંજ્ઞાઓનું જોર પણ ખૂબ વધતું જશે. લોકોમાં પરસ્પર ક્લેશ, કંકાસ, મારામારી આદિનું પ્રમાણ વધશે. વિષયાસક્તિ ખૂબ વધી જશે. કુલીન સ્ત્રીઓ પણ શિયળભ્રષ્ટ થશે. હીનકુળમાં જન્મેલા માણસો રાજા થશે ને ઉત્તમકુળમાં જન્મેલાઓને તેમનું દાસપણું કરવું પડશે. રાજાઓ યમ જેવા ક્રૂર બનશે. ધર્મરસિક જીવોનો જન્મ હીનકુળમાં થશે. લોકો લોભી, લાલચૂ, કંજૂસ, અને નિર્દય થશે. હિંસાની વૃદ્ધિ થશે. ક્ષુદ્ર જંતૂઓની ઉત્પત્તિ દિનપ્રતિદિન વધતી જશે. દુઃકાળ ઘણા પડશે. મત–મતાંતરો અને મિથ્યામતો ફાલશે ફૂલશે. લોકો સત્વહીન બનશે સંયમીઓને કષ્ટ પડશે ને પાખંડીઓની પૂજા વધશે. વિનય, વિવેક, ક્ષમા, દયા, સરળતા, સદાચાર આદિ ગુણોની ઉત્તરોત્તર હાનિ થશે અને દોષોની વૃદ્ધિ થશે. આવા કપરા કાળમાં પણ આરાધક આત્માઓ અનેક કષ્ટો વેઠીને જિનશાસનને ઠેઠ પાંચમા આરાના અંત સુધી જયવંતુ રાખશે.

પાંચમા આરાના અંતે જિનશાસનના અંતિમ આચાર્ય દુપ્પસહસૂરી થશે અને અંતિમ સાધ્વી ફલ્ગુશ્રી થશે. વિમલવાહન નામે અંતિમ રાજા થશે.

પાંચમા આરાના અંતે સાત જાતના ખરાબ પાણી-વાળા વરસાદ સાત સાત દિવસ સુધી એટલે કુલ ૪૯ દિવસ સુધી સાંબેલાની ધારે સતત વરસશે. તેનાથી પૃથ્વીના રસકસ નાશ પામી જશે. આખા ભરતક્ષેત્રની જમીન એવી ખરાબ થઇ જશે કે તેમાંથી ઘાસનું એક તણખલું પણ ઊગી શકે નહિ. શહેર, નગર, ગામ, ઝાડ–પાન, મકાનો વગેરે સંપૂર્ણ નાશ પામી જશે. બાદર અગ્નિ પણ નાશ પામી જશે. મોટા ભાગના માણસો અને પશુ–પંખીઓ મરણ પામશે. ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ પશુ–પંખીઓ માત્ર બીજ રૂપે જીવંત રહેશે. શાશ્વત એવો શંત્રુજય પર્વત પણ માત્ર સાત હાથ પ્રમાણ રહેશે.

૬ – પાંચમો આરો પૂર્ણ થતાં ૨૧ હજાર વરસનો દુઃષમદુઃષમ નામનો છઠ્ઠો આરો શરૂ થશે. તે અત્યંત દુઃખદાયક હશે. તેમાં દિવસે જીવોને બળી નાખે તેવો સખત તાપ પડશે અને રાત્રે પ્રાણીઓના ગાત્રોને બરફની જેમ થીજાવી દે તેવી ભયંકર ઠંડી પડશે. ગામ, નગર, મકાન, કિલ્લા વગેરેનો સર્વત્ર નાશ થયેલો હોવાથી, વૈતાઢ્ય પર્વતથી ઉત્તરે અને દક્ષિણે ગંગા અને સિંધુ નદીના સામસામા કિનારા ઉપર

૩૬–૩૬ મળીને જે ૭૨ બીલો (ગુફાઓ) છે, તેમાં બીજરૂપે બચેલા મનુષ્ય સ્ત્રી–પુરુષો અને પશુઓ વસવાટ કરશે અને પંખીઓ વૈતાઢ્ય પર્વત ઉપર નિવાસ કરશે.

છઠ્ઠા આરામાં મનુષ્યના દેહનું પ્રમાણ ૧ હાથનું (બે વેંતનું) હોય છે, આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે અને શરીરમાં પાંસળીઓ માત્ર આઠ જ હોય છે. તેમને આહારની ઈચ્છા અમર્યાદિત હોય છે. ઘણું ખાવા છતાંય તૃપ્તિ થતી નથી. ધાન્યના અભાવે તેમને માછલાં ખાઈને જ જીવવું પડશે. સૂર્ય અત્યંત તપતો હોવાને કારણે તેઓ દિવસે બીલની બહાર નીકળી શકશે નહિ. શાશ્વતી ગંગા અને સિંધુ નદીના ગાડાના ચીલા પ્રમાણ પાણીના પ્રવાહમાંથી, બીલવાસી મનુષ્યો રાત્રે માછલાં વગેરે જલચર જીવોને પકડીને કિનારાની રેતીમાં દાટશે. ત્યાં દિવસના પ્રચંડ તાપથી બફાઈ–શેકાઈ ગયા પછી બીજે દિવસે રાત્રે તેનું ભક્ષણ કરશે. આમ તેઓ માંસાહારી, રાત્રિભોજી, પરસ્પર કલેશ–કંકાસવાળાં, દીન, હીન, દુર્બળ, દુર્ગંધી, રોગથી ભરેલા, અપવિત્ર ને પશુઓની જેમ નગ્ન શરીરવાળા, તેમજ મા–બહેન–દીકરી પ્રત્યેના ઉચિત વિવેક વગરના થશે. માત્ર છ વર્ષની વયે જ ભૂંડણની જેમ સ્ત્રીઓ ઘણાં બાળકોને જન્મ આપીને ઘણું કષ્ટ વેઠનારી થશે. ધર્મ અને પુણ્ય રહિત

અત્યંત પાપી અને દુઃખી જીવન પૂર્ણ કરીને, પાપાનુબંધી પાપના પ્રભાવે, છઠ્ઠા આરાના જીવો પ્રાયઃ નરક કે તિર્યંચ ગતિમાં જનારા થશે.

છઠ્ઠા આરામાં આપણો જન્મ નિવારવા માટે જીવન-પર્યંત માંસાહાર, રાત્રિભોજન, કંદમૂળભક્ષણ, મહા-આરંભસમારંભ ઇત્યાદિ પાપોનો ત્યાગ અને ધર્મપરાયણ જીવન જીવવું જરૂરી છે. અન્યથા માંસાહાર, રાત્રિભોજન ઇત્યાદિ પાપોના પ્રભાવે છઠ્ઠા આરામાં જન્મ્યા તો અનુબંધવાળા પાપ બંધાયે જશે અને નરક–તિર્યંચગતિના ભયંકર દુઃખોની પરંપરા સર્જાઇ જશે.

છઠ્ઠો આરો પૂર્ણ થતાં અવસર્પિણીકાળની સમાપ્તિ થાય છે અને ઉત્સર્પિણીકાળની શરૂઆત થાય છે.

## ઉત્સર્પિણીકાળના છ આરા

૧ – ઉત્સર્પિણીકાળનો પહેલો આરો ૨૧ હજાર વરસનો દુઃષમદુઃષમ નામનો હોય છે. તે અવસર્પિણી-કાળના છઠ્ઠા આરા સમાન જાણવો. ફરક એટલો કે આમાં દુઃખની હાનિ તેમજ પ્રાણીઓના આયુષ્ય, દેહપ્રમાણ અને સારભૂત પદાર્થોના ગુણોની અને શુભ ભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે છે.

૨ – બીજો આરો દુઃષમ નામનો ૨૧ હજાર વરસનો હોય છે. તેમાં સાત જાતના સારા પાણીવાળા વરસાદ સાત સાત દિવસ સુધી એટલે કુલ ૪૯ દિવસ સુધી સાંબેલાની ધારે સતત વરસે છે. તેનાથી ધરતીની ઉષ્ણતા અને દુર્ગંધ દૂર થાય છે. તેમાં સ્નિગ્ધતા આવે છે અને રસકસ વધે છે. ૨૪ પ્રકારના ધાન્ય અને ઝાડ-પાન, ફળ-ફૂલ આદિ બીજી વનસ્પતિઓ ઊગવા લાગે છે. તેથી બીલવાસી લોકો ધીમે ધીમે ફળાદિકનો આહાર કરતાં થાય છે. આ ખોરાક સારો ને સ્વાદિષ્ટ લાગવાથી તેઓ માંસાહારનો ત્યાગ કરે છે. તેમનાં હૃદય દયાળુ બને છે. દોષ અને દુઃખની હાનિ તેમજ ગુણ અને સુખની વૃદ્ધિ થતી રહે છે. અવસર્પિણીકાળના પાંચમા આરા જેવા રીત-રિવાજ થઈ જાય છે.

૩ – ત્રીજો આરો દુઃષમસુષમ નામનો અને ૪૨ હજાર વરસ જેમાં ઓછા છે, એવા એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળનો હોય છે. તે અવસર્પિણી-કાળના ચોથા આરા સમાન જાણવો. ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ વીત્યા પછી પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. તેમનું આયુષ્ય, દેહમાન વગેરે અવસર્પિણીકાળના ૨૪ મા એટલે છેલ્લા તીર્થંકરની સમાન હોય છે. છેલ્લા તીર્થંકર અને છેલ્લા ચક્રવર્તી સિવાયના શલાકાપુરુષોનો જન્મ આ ત્રીજા આરામાં થાય છે. છેલ્લા તીર્થંકર અને છેલ્લા

ચક્રવર્તી ચોથા આરાની શરૂઆતમાં થાય છે. છેલ્લા તીર્થંકરનું આયુષ્ય, દેહમાન વગેરે અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકરની સમાન જાણવું.

આમાં ઉત્તરોત્તર દોષ અને દુઃખની હાનિ તેમજ ગુણ અને સુખની વૃદ્ધિ થતી રહે છે.

૪ – ચોથો આરો સુષમદુઃષમ નામનો અને બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળનો હોય છે. તે અવસર્પિણીકાળના ત્રીજા આરાસમાન જાણવો. ચોથા આરાના ૮૪ લાખ પૂર્વ ઉપરાંત ત્રણ વર્ષ અને સાડા આઠ માસ વીત્યા બાદ ૨૪ મા તીર્થંકરનું નિર્વાણ (મોક્ષગમન) થાય છે. બારમા ચક્રવર્તી પણ આયુષ્ય પૂર્ણ કરે છે. ત્યાર પછી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ વીત્યા બાદ દશ પ્રકારના કલ્પવૃક્ષની ઉત્પત્તિ થવા માંડે છે. તેનાથી મનુષ્યોની અને પશુ–પંખીઓની ઇચ્છા પૂર્ણ થાય છે. લોકો કામ-ધંધા છોડી દે છે. પુત્ર–પુત્રીના યુગલો ઉત્પન્ન થવા માંડે છે. બાદર અગ્નિ અને ધર્મનો વિચ્છેદ થાય છે. તેથી યુગલિયા અકર્મભૂમીના યુગલિકો જેવા બની જાય છે.

૫ – પાંચમો આરો સુષમ નામનો અને ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળનો છે. તે અવસર્પિણી-કાળના બીજા આરા સમાન જાણવો. આમાં વર્ણાદિ શુભ પર્યાયોની વૃદ્ધિ જાણવી.

૬ – છઠ્ઠો આરો સુષમસુષમ નામનો અને ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળનો છે. તે અવસર્પિણી-કાળના પ્રથમ આરા સમાન જાણવો. આમાં વર્ણાદિ શુભ પર્યાયોની વૃદ્ધિ અનંતગુણી જાણવી.

આ પ્રમાણે છ આરાના મળીને દશ કોડાકોડી સાગરોપમ પૂર્ણ થતાં ઉત્સર્પિણીકાળ સમાપ્ત થાય છે.

નવ કોડાકોડી સાગરોપમ અવસર્પિણીકાળના અને નવ કોડાકોડી સાગરોપમ ઉત્સર્પિણીકાળના, બંને મળીને ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી ભરત અને ઐરવતક્ષેત્રમાં ધર્મનો અભાવ હોય છે.

## પુદ્ગલ–પરાવર્ત કાળ

અનંતા કાળચક્રોનો એક પુદ્ગલ પરાવર્ત કાળ થાય. આ પુદ્ગલ પરાવર્ત કાળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ચાર પ્રકારનો છે. તે દરેકના પણ સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ હોવાથી પુદ્ગલપરાવર્ત-કાળના કુલ આઠ ભેદ થાય છે.

(૧) બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ :–

૧ – ઔદારિક, ૨ – વૈક્રિય, ૩ – તૈજસ, ૪ – ભાષા, ૫ – શ્વાસોશ્વાસ, ૬ – મન, ૭ – કાર્મણ આ પ્રમાણે સાત પ્રકારના પુદ્ગલોની વર્ગણા જગતમાં રહેલી છે. આ સાત પ્રકારની વર્ગણારૂપ બનીને રહેલા જગતના

સર્વ પુદ્ગલોને, કોઇ એક જીવ ગ્રહણ કરીને મૂકે, તેમાં જે કાળ જાય તેને બાદર દ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ કહેવાય.

(૨) સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ :- જગતના સર્વપુદ્ગલોને સાતમાંની કોઇપણ એક પ્રકારની વર્ગણાના પુદ્ગલ રૂપે, કોઇ એક જીવ ગ્રહણ કરીને મૂકે, તેમાં જે કાળ જાય તેને સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ કહેવાય. આ સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્તકાળના આ પ્રમાણે સાત ભેદ થાય છે: ૧ – ઔદારિક સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ, ૨ – વૈક્રિયસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ, ૩ – તૈજસસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ, ૪ – કાર્મણસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ, ૫ – શ્વાસોશ્વાસ સૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ, ૬ – ભાષાસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ, ૭ – મનસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ.

ઔદારિકસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ :- જગતમાં જેટલા પણ પુદ્ગલો છે તે બધાયને ઔદારિક વર્ગણા રૂપે જ કોઇ એક જીવ ગ્રહણ કરીને મૂકે, એમાં જેટલો કાળ જાય એટલા કાળને ઔદારિકસૂક્ષ્મદ્રવ્યપુદ્ગલપરાવર્તકાળ કહેવાય. અત્યારે સમસ્ત જગતમાં જેટલા પુદ્ગલો છે તે બધા ઉપરોક્ત સાત, ઉપરાંત આહારક વર્ગણા આમ આઠ વર્ગણારૂપે છે, તેમજ વર્ગણા વગરના પણ છે. આમ ઔદારિક

સિવાયની અન્ય વર્ગણારૂપે રહેલા અને વર્ગના વગરના આ બધા પુદ્‌ગલો જ્યારે જ્યારે ઔદારિક પુદ્‌ગલ વર્ગણા રૂપે થાય, ત્યારે ત્યારે કોઈ એક જીવ તે બધાને ઔદારિક પુદ્‌ગલરૂપે ગ્રહણ કરીને મૂકે, આવી રીતે જગતના સર્વ પુદ્‌ગલોને ઔદારિક પુદ્‌ગલરૂપે ગ્રહણ કરીનેમૂકવાનું કામ પૂરું થાય ત્યારે ઔદારિકસૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તકાળ થયો કહેવાય.

આવીજ રીતે વૈક્રિય, તૈજસ આદિ બાકીની વર્ગણા માટે પણ સમજી લેવું.

ઔદારિક વર્ગણામાં જીવ ઓછા પુદ્‌ગલોને ગ્રહણ કરતો હોવાથી, ઉપર જે સાત પ્રકારના કાળ બતાવ્યા, તેમાંથી ઔદારિક સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલપરાવર્તનમાં કાળ સૌથી વધારે લાગે.

(૩) બાદર ક્ષેત્રપુદ્‌ગલપરાવર્તકાળ :- ચૌદ રાજલોકમાં રહેલા સર્વ આકાશ પ્રદેશોને, ક્રમ વિના મરણ વડે સ્પર્શતાં એક જીવને જેટલો કાળ લાગે તેટલા કાળને બાદર ક્ષેત્રપુદ્‌ગલપરાવર્તકાળ કહેવાય.

(૪) સૂક્ષ્મ ક્ષેત્રપુદ્‌ગલપરાવર્તકાળ :- ચૌદ રાજલોકના સર્વ આકાશ પ્રદેશોને ક્રમસર પ્રદેશે પ્રદેશે મરણ પામવા વડે કરીને સ્પર્શતાં એક જીવને જેટલો કાળ લાગે તેટલા કાળને સૂક્ષ્મ ક્ષેત્રપુદ્‌ગલ-પરાવર્તકાળ કહેવાય સમકૃત્વની પ્રાપ્તિ પછી જીવને

મોક્ષમાં જવામાં જે ઉત્કૃષ્ટ કાળ લાગે, તે આ સૂક્ષ્મ ક્ષેત્રપુદ્‌ગલપરાવર્તકાળનો કાંઈક ઊણો એવો અર્ધભાગ સમજવો.

એક અંગુલ માત્ર આકાશ ક્ષેત્રના પ્રદેશોને ખાલી કરતાં અસંખ્યાતી ઉત્સર્પિણી—અવસર્પિણી જેટલો સમય લાગે છે.

(૫) બાદર કાલપુદ્‌ગલપરાવર્તકાળ :– કાળચક્રના સર્વ સમયોને ક્રમ વિના મરણથી સ્પર્શ કરતાં જેટલો કાળ લાગે તેટલા કાળને બાદર કાલપુદ્‌ગલપરાવર્ત-કાળ કહેવાય.

(૬) સૂક્ષ્મ કાલપુદ્‌ગલપરાવર્તકાળ :– કાળચક્રના સર્વ સમયોને ક્રમસર મરણથી સ્પર્શ કરતાં જેટલો કાળ લાગે તેટલા કાળને સૂક્ષ્મ કાલપુદ્‌ગલપરાવર્ત-કાળ કહેવાય.

(૭) બાદર ભાવપુદ્‌ગલપરાવર્તકાળ :– રસબંધના સર્વ અધ્યવસાય સ્થાનકોને ક્રમ વિના મરણથી સ્પર્શી રહેવામાં જે કાળ લાગે, તે કાળને બાદર ભાવપુદ્‌-ગલપરાવર્તકાળ કહેવાય.

(૮) સૂક્ષ્મ ભાવપુદ્‌ગલપરાવર્તકાળ : રસબંધના સર્વ અધ્યવસાય સ્થાનકોને ક્રમસર મરણથી સ્પર્શી રહેવામાં જે કાળ લાગે, તે કાળને સૂક્ષ્મ ભાવપુદ્‌-ગલપરાવર્તકાળ કહેવાય.

આજ સુધીમાં અનંતો કાળ આત્માની અજ્ઞાન દશાને કારણે સંસારની રખડપટ્ટીમાં પસાર થઇ ગયો છે. હવે વિશુદ્ધ તત્ત્વજ્ઞાનનો નિર્મળ પ્રકાશ પામી, શ્રદ્ધાસંપન્ન, ચારિત્રવાન, આત્મજ્ઞાની બનીને, સંસારની રખડપટ્ટીનો અંત લાવીને આપણે શાશ્વત-સુખને પામીએ.

[૬] **પુદ્ગલ દ્રવ્ય :-** પુદ્ગલ દ્રવ્ય એ અરૂપી અજીવ દ્રવ્ય છે. તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન એટલે આકૃતિવાળું છે.

કૃષ્ણ-કાળો, નીલ-લીલો, રક્ત-રાતો, પીત-પીળો, શ્વેત-ધોળો એમ વર્ણ પાંચ પ્રકારે છે.

સુરભિ-સુગંધ, દુરભિ-દુર્ગંધ એમ ગંધ બે પ્રકારે છે.

તિક્ત-કડવો, કટુ-તીખો, કષાય-તૂરો, આમ્લ -ખાટો, મધુર-મીઠો એમ રસ પાંચ પ્રકારે છે.

શીત-ઠંડો, ઉષ્ણ-ગરમ, ગુરુ-ભારે, લઘુ-હળવો, મૃદુ-કોમળ, ખર-કઠોર, સ્નિગ્ધ-ચીકણો, રુક્ષ-લૂખો એમ સ્પર્શ આઠ પ્રકારે છે.

ત્ર્યસ્ર-ત્રણ ખૂણાવાળો, ચતુરસ્ર-ચાર ખૂણાવાળો, આયત-લાંબો, વૃત્ત થાળી જેવો ગોળ, પરિમંડલ -ચૂડી જેવો ગોળ એમ સંસ્થાન પાંચ પ્રકારે છે.

આ પ્રમાણે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના મળીને ૨૫ ભેદ થાય છે. એ બધા પુદ્ગલ દ્રવ્યના ભેદ છે. એને કાંઈક વિસ્તારથી સમજાવવા માટે એના ૫૩૦ ભેદ કહ્યા છે.

વર્ણના મુખ્ય ભેદ પાંચ કહ્યા. તે દરેકના અવાંતર ભેદ વીસ વીસ હોવાથી પાંચેય વર્ણના અવાંતર ભેદો મળીને એક સો ભેદ થાય છે.

ગંધના મુખ્ય ભેદ બે કહ્યા. તે દરેકના અવાંતર ભેદ ત્રેવીસ ત્રેવીસ હોવાથી કુલ છેતાલીસ ભેદ થાય છે.

રસના મુખ્ય ભેદ પાંચ કહ્યા. તે દરેકના અવાંતર ભેદ વીસ વીસ હોવાથી કુલ એક સો ભેદ થાય છે.

સ્પર્શના મુખ્ય ભેદ આઠ કહ્યા. તે દરેકના અવાંતર ભેદ ત્રેવીસ ત્રેવીસ હોવાથી કુલ એકસો ને ચોરાસી ભેદ થાય છે.

પાંચ પ્રકારના સંસ્થાનના વર્ણ–ગંધ–રસ–સ્પર્શના વીસ વીસ અવાંતર ભેદો મળીને કુલ એક સો ભેદ થાય છે.

૧૦૦+૪૬+૧૦૦+૧૮૪+૧૦૦=૫૩૦ આમ પુદ્ગલ સ્વરૂપ રૂપી અજીવના અવાંતર ભેદો સહિત કુલ પાંચસો ને ત્રીસ ભેદ થાય છે.

ચાર અરૂપી અજીવના ત્રીસ અને એક રૂપી અજીવના પાંચસો ને ત્રીસ મળી, અજીવતત્ત્વના કુલ પાંચસો ને સાઇઠ ભેદ શ્રી આગમાદિ શાસ્ત્રોમાં કહ્યા છે.

દ્રવ્યથી પુદ્ગલ દ્રવ્યો અનંતા છે. ક્ષેત્રથી સર્વલોક વ્યાપી છે. કાળથી અનાદિ-અનંત છે. ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સહિત છે. ગુણથી પુદ્ગલ દ્રવ્ય પૂરણ-ગલન સ્વભાવવાળું છે. પૂરણ એટલે એકઠા થવું અને ગલન એટલે છૂટા પડવું અથવા વિખરાઇ જવું.

પુદ્ગલ દ્રવ્યના સ્કંધ,, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર મુખ્ય ભેદ છે. લોકાકાશમાં પુદ્ગલના સમુદાયથી બનેલા અનંતા સ્કંધો છે. સ્કંધની સાથે રહેલા નાના નાના કલ્પિત વિભાગોને દેશ કહેવાય છે. સ્કંધની સાથે રહેલા પુદ્ગલના નાના અંશને પ્રદેશ કહેવાય છે. છૂટા રહેલા અથવા છૂટા પડેલા પુદ્ગલના અંશને પરમાણુ કહેવાય છે. શરીર, મન, વાણી, વસ્ત્ર, આભૂષણ, વાસણ, ખાવા-પીવાના પદાર્થો, ઘર, દુકાન, ખેતર, ટેબલ, ખુરસી, ગામ, નગર, ઝાડ, પાન, પર્વત, પથ્થર વગેરે સર્વ પુદ્ગલોના સમુદાય-રૂપ સ્કંધો છે. સુખ-દુ:ખનાં સર્વ સાધનો પુદ્ગલ સ્કંધરૂપ છે. સુખ-દુ:ખના મૂળભૂત અભ્યંતર સાધન રૂપ જે કર્મ, તે પણ પુદ્ગલ સ્કંધોનો સમુદાય છે. પ્રકાશ, પ્રભા, છાયા, અંધકાર, શબ્દ વગેરે પુદ્ગલ

છે. જે કાંઈ નજરે દેખાય છે અને ઇન્દ્રિયોથી અનુભવાય છે, તે સર્વ પુદ્ગલ જ છે.

પાંચેય અજીવના પાંચસો ને સાઇઠ ભેદ કહ્યા. સંક્ષેપથી એનો સમાવેશ ચૌદ ભેદમાં પણ કરવામાં આવ્યો છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના પ્રત્યેકના સ્કંધ, દેશ અને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદ છે અને કાલનો સમયરૂપ એક ભેદ છે. એમ દસ ભેદ અરૂપી અજીવના કહ્યા છે. પુદ્ગલ, સ્કંધ, દેશ, પ્રદેશ એમ ચાર ભેદ રૂપી અજીવના મળીને ચૌદ ભેદ અજીવના કહ્યા છે.

અજીવ, અચેતન, જડ વગેરે શબ્દો એક જ અર્થવાળા છે. આખું જગત ચેતન અને જડ એમ બે પદાર્થોમાં વહેંચાયેલું છે. જડના અનાદિકાળના સંયોગથી ચેતન એવા આત્માનું પરિભ્રમણ થયા કરે છે અને એનું જ નામ સંસાર છે.



# જંબૂદ્વીપ અને લવણસમુદ્ર

મધ્યલોક અથવા તિર્છાલોકના કેન્દ્રમાં એક લાખ જોજન ઊંચો મેરુપર્વત આવેલો છે. તેની આજુબાજુ એક લાખ યોજન પ્રમાણ વ્યાસ (પહોળાઇ) વાળો થાળી જેવો ગોળ જંબૂદ્વીપ નામનો દ્વીપ આવેલો છે. જેની ચારે બાજુ સમુદ્રનું પાણી રહેલું હોય તેને દ્વીપ કહેવામાં આવે છે. આ જંબૂદ્વીપ પૂર્વથી પશ્ચિમ તરફ લાંબા એવા છ કુલગિરિ એટલે મહા-પર્વતોથી સાત મહાક્ષેત્રોમાં વહેંચાઇ જાય છે. જ્યાં મનુષ્યોનાં જન્મ-મરણ થતાં હોય એવા સ્થાનને ક્ષેત્ર કહેવાય છે.

## સાત મહાક્ષેત્રો

(૧) ભરત ક્ષેત્ર- દક્ષિણ દિશા બાજુ સૌથી છેડા ઉપર આવેલા ક્ષેત્રને ભરતક્ષેત્ર કહેવાય છે. આ ભરતક્ષેત્રની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ આ ત્રણ દિશા તરફ બંગડી જેવા આકારવાળો લવણ સમુદ્ર આવેલો છે અને ઉત્તર દિશામાં ભરતક્ષેત્રની હદ પૂરી કરનારો એક સો જોજન ઊંચો લઘુ હિમવંત નામનો પર્વત આવેલો છે. ભરતક્ષેત્રના મધ્ય ભાગમાં પૂર્વથી પશ્ચિમ તરફ લાંબો અને પચીસ જોજન ઊંચો એવો

વૈતાઢ્ય નામનો પર્વત આવેલો છે. જેનાથી આખું ભરતક્ષેત્ર ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ એમ બે વિભાગમાં વહેંચાઇ જાય છે.

ભરતક્ષેત્રની હદ પૂરી કરનારા લઘુ હિમવંત પર્વત ઉપર બરાબર મધ્યભાગમાં પદ્મસરોવર નામનું સરોવર આવેલું છે. તેમાંથી નીકળીને, પર્વત ઉપર થોડે સુધી પૂર્વ દિશા બાજુ વહીને, પછી ઉત્તર તરફ નીચે પડતી એવી ગંગા નામની મહાનદી ઉત્તરાર્ધ ભરતમાં થઇને, વૈતાઢ્ય પર્વતની ગુફાની પડખેથી નીકળીને દક્ષિણાર્ધ ભરતમાં આવી, તેમાં થઇને પૂર્વ દિશા બાજુના લવણસમુદ્રમાં ભળે છે.

એવી જ રીતે પદ્મસરોવરમાંથી નીકળીને, પર્વત ઉપર થોડે સુધી પશ્ચિમ દિશા બાજુ વહીને, પછી ઉત્તર તરફ નીચે પડતી એવી સિંધુ નામની મહાનદી, ઉત્તરાર્ધ ભરતમાં થઇને, વૈતાઢ્ય પર્વતની ગુફાની પડખેથી નીકળીને, દક્ષિણાર્ધ ભરતમાં આવી, તેમાં થઇને પશ્ચિમ દિશા બાજુના લવણસમુદ્રમાં ભળે છે.

આ બંને મહાનદી વડે ઉત્તરાર્ધ ભરત અને દક્ષિણાર્ધ ભરત ત્રણ ત્રણ ખંડમાં વહેંચાઈ જાય છે. તેથી આખા ભરતક્ષેત્રના કુલ છ ખંડ થાય છે. ભરતક્ષેત્રમાં ૩૨ હજાર દેશો આવેલા છે. તેમાંથી સાડા પચીસ આર્યદેશો છે. બાકીના ૩૧ હજાર

નવસો ને સાડા ચુમોતેર અનાર્ય દેશો છે. સાડા પચીસ આર્ય દેશોનાં નામ પન્નવણા, ક્ષેત્રસમાસ, લોકપ્રકાશ આદિ આગમોમાં મળે છે. ભરતક્ષેત્રમાં છએ આરાના ભાવ વર્તે છે.

(૨) હિમવંતક્ષેત્ર–લઘુ હિમવંત પર્વતની પાછળ ઉત્તર દિશા બાજુ હિમવંત નામનું ક્ષેત્ર આવેલું છે. તેના મધ્યભાગમાં શબ્દાપાતી નામનો ગોળાકાર પર્વત આવેલો છે. અને ઉત્તર દિશામાં પૂર્વથી પશ્ચિમ તરફ લાંબો, બસો જોજન ઊંચો અને હિમવંત ક્ષેત્રની હદ પૂરી કરનારો મહાહિમવંત નામનો પર્વત આવેલો છે. ભરતક્ષેત્રની હદ પૂરી કરનારા લઘુ-હિમવંત પર્વતના પદ્મસરોવરમાંથી ઉત્તરદિશા બાજુ રોહિતાંશા નામની નદી નીકળે છે. તે હિમવંત ક્ષેત્રની મધ્યમાં રહેલા શબ્દાપાતી પર્વત સુધી આવીને, પછી પશ્ચિમ દિશા તરફ વળી જઇને સીધેસીધી આગળ વધીને, પશ્ચિમ દિશા બાજુના, લવણસમુદ્રમાં ભળી જાય છે.

એવી જ રીતે હિમવંતક્ષેત્રની હદ પૂરી કરનારા મહાહિમવંત પર્વત ઉપર આવેલા મહાપદ્મ-સરોવરમાંથી દક્ષિણ દિશા બાજુ રોહિતા નામની નદી નીકળે છે. તે શબ્દાપાતી પર્વત સુધી આવીને, પછી પૂર્વ દિશા તરફ વળી જઇને, સીધેસીધી આગળ વધીને પૂર્વ દિશા બાજુના લવણસમુદ્રમાં ભળી જાય છે.

આ હિમવંતક્ષેત્રમાં, પોતાના જીવનના અંતિમ છ માસ બાકી રહે ત્યારે પુત્ર–પુત્રીરૂપ યુગલને જન્મ આપનારા, એક ગાઉના શરીરવાળા, એક પલ્યોપમના આયુષ્યવાળા, એક એક દિવસના આંતરે આમળા પ્રમાણ આહાર કરનારા, કલ્પવૃક્ષો દ્વારા પોતાની સર્વ ઈચ્છા પૂર્ણ કરનારા, અલ્પ ઈચ્છા અને અલ્પ કષાયવાળા તથા મરીને નિયમા દેવલોકમાં જનારા યુગલિક મનુષ્યો વસે છે.

(૩) હરિવર્ષક્ષેત્ર–મહાહિમવંત પર્વતની ઉત્તર દિશામાં હરિવર્ષ નામનું ક્ષેત્ર આવેલું છે. તેના મધ્યભાગમાં ગોળ આકારવાળો ગંધાપાતી નામનો પર્વત આવેલો છે. મહાહિમવંત પર્વતના મહા-પદ્મસરોવરમાંથી ઉત્તર દિશામાં હરિકાન્તા નામની નદી નીકળે છે. તે આ ગંધાપાતી પર્વત સુધી આવીને, પછી પશ્ચિમ દિશા તરફ વળી જઈને, સીધેસીધી આગળ વધીને, પશ્ચિમ દિશા બાજુના લવણસમુદ્રમાં ભળી જાય છે.

એવી જ રીતે હરિવર્ષક્ષેત્રની ઉત્તર દિશામાં આવેલા, પૂર્વથી પશ્ચિમ તરફ લાંબા અને હરિવર્ષ-ક્ષેત્રની હદ પૂરી કરનારા, ૪૦૦ જોજન ઊંચા નિષધ નામના પર્વત ઉપર આવેલા તિગિચ્છી નામના સરોવરમાંથી દક્ષિણ દિશા બાજુ હરિસલિલા નામની

નદી નીકળે છે. તે ગંધાપાતી પર્વત સુધી આવીને, પછી પૂર્વ દિશા તરફ વળીને જઇને, સીધેસીધી આગળ વધીને, પૂર્વ દિશા બાજુના લવણસમુદ્રમાં ભળી જાય છે.

આ હરિવર્ષક્ષેત્રમાં બે ગાઉના શરીરવાળા, બે પલ્યોપમના આયુષ્યવાળા અને બે બે દિવસના આંતરે બોર પ્રમાણ આહાર કરનારા (બાકી ઉપર મુજબના વર્ણનવાળા) યુગલિક મનુષ્યો વસે છે. અહીં સદાકાળ અવસર્પિણીકાળના બીજા આરા જેવા ભાવ વર્તે છે.

(૪) મહાવિદેહક્ષેત્ર-નિષધ પર્વતની ઉત્તરમાં ગોળાકાર મેરુ પર્વત છે. મેરુ પર્વતની પણ ઉત્તરમાં પૂર્વથી પશ્ચિમ તરફ લાંબો અને ૪૦૦ જોજન ઊંચો નીલવંત નામનો પર્વત છે. આ નિષધ અને નીલવંત પર્વતની વચ્ચેના ગાળામાં મહાવિદેહ નામનું ક્ષેત્ર આવેલું છે. મહાવિદેહક્ષેત્ર વચમાં રહેલા મેરુ પર્વત અને ગજદંત પર્વત પર્વતોને કારણે મહાવિદેહક્ષેત્ર, પૂર્વમહાવિદેહક્ષેત્ર અને પશ્ચિમ-મહાવિદેહક્ષેત્ર એમ બે વિભાગમાં વહેંચાઈ જાય છે.

નિષધ પર્વત ઉપર આવેલા તિગિચ્છી સરોવરમાંથી ઉત્તર દિશામાં સીતોદા નામની મહા નદી નીકળે છે. તે મેરુ પર્વત પાસે પહોંચીને પશ્ચિમ તરફ વળી જઇને લવણસમુદ્રમાં ભળી જાય છે. એનાથી

પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર બે વિભાગમાં વહેંચાઇ જાય છે.

એવી જ રીતે નીલવંત પર્વત ઉપર આવેલા કેસરી સરોવરમાંથી મેરુ પર્વતની દિશામાં સીતા નામની મહાનદી નીકળે છે. તે મેરુ પર્વત પાસે આવીને પૂર્વ તરફ વળી જઈને લવણ સમુદ્રમાં ભળી જાય છે. એનાથી પૂર્વમહાવિદેહક્ષેત્ર પણ બે વિભાગમાં વહેંચાઇ જાય છે.

સરોવરમાંથી નીકળીને મેરુ પર્વત તરફ જતી બંને મહાનદીની આજુબાજુ ગજદંતના આકારે બે બે પર્વતો આવેલા છે. તેમાં ઉત્તરાર્ધ મહાવિદેહમાં ગંધમાદન અને માલ્યવંત નામના બે પર્વતો આવેલા છે. અને દક્ષિણાર્ધ મહાવિદેહમાં વિદ્યુતપ્રભ અને સોમનસ નામના બે પર્વતો આવેલા છે. આમ હાથીના દાંતના જેવા આકારવાળા ચાર ગજદંત પર્વતો આવેલા છે.

વિદ્યુતપ્રભ અને સોમનસ નામના બે ગજદંત પર્વતોની વચમાં જે અર્ધ ગોળાકાર આકૃતિ બને છે, તેમાં દેવકુરુ નામનું ક્ષેત્ર આવેલું છે અને ગંધમાદન તથા માલ્યવંત નામના બે ગજદંત પર્વતોની વચમાં જે અર્ધ ગોળાકાર આકૃતિ બને છે, તેમાં ઉત્તરકુરુ નામનું ક્ષેત્ર આવેલું છે.

આ બંને ક્ષેત્રોમાં ત્રણ ગાઉના શરીરવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા અને ત્રણ ત્રણ દિવસના આંતરે તુવેરના દાણા પ્રમાણ આહારથી તૃપ્તિ પામનારા(બાકી હિમવંતક્ષેત્રની સમાન વર્ણનવાળા) યુગલિક મનુષ્યો વસે છે. આ બંને ક્ષેત્રોમાં સદાકાળ અવસર્પિણીકાળના પહેલા આરા જેવા ભાવ વર્તે છે.

પૂર્વ મહાવિદેહના દક્ષિણાર્ધમાં સોમનસ નામના ગજદંતથી પૂર્વ દિશામાં, નિષધ પર્વત અને સીતા નદીને જોડતાં ચાર પર્વતો અને ત્રણ નદીઓ આંતરે આંતરે આવેલાં છે. તેનાથી મંગલાવતી વગેરે આઠ વિજયો (ક્ષેત્ર વિભાગો) બને છે.

એવી જ રીતે પૂર્વ મહાવિદેહના ઉત્તરાર્ધમાં માલ્યવંત નામના ગજદંતથી પૂર્વ દિશામાં, નીલવંત પર્વત અને સીતા નદીને જોડતાં ચાર પર્વતો અને ત્રણ નદીઓ આંતરે આંતરે આવેલાં છે. તેનાથી કચ્છ વગેરે આઠ વિજયો બને છે.

એવી જ રીતે પશ્ચિમ મહાવિદેહના દક્ષિણાર્ધમાં વિદ્યુતપ્રભ નામના ગજદંતથી પશ્ચિમ દિશામાં નિષધ પર્વત અને સીતોદા નદીને જોડતા ચાર પર્વતો અને ત્રણ નદીઓ આંતરે આંતરે આવેલા છે. તેનાથી પદ્મ વગેરે આઠ વિજયો બને છે.

એવી જ રીતે પશ્ચિમ મહાવિદેહના ઉત્તરાર્ધમાં ગંધમાદન નામના ગજદંતથી પશ્ચિમ દિશામાં નીલવંત પર્વત અને સીતોદા નદીને જોડતા ચાર પર્વતો અને ત્રણ નદીઓ આંતરે આંતરે આવેલાં છે. તેનાથી ગંધિલાવતી વગેરે આઠ વિજયો બને છે. આ પ્રમાણે સમસ્ત મહાવિદેહક્ષેત્રમાં વિજય નામના ૩૨ ક્ષેત્ર વિભાગો બને છે.

નિષધ પર્વત ઉપર આવેલા તિગિચ્છી નામના સરોવરમાંથી સીતોદા નામની મહાનદી નીકળે છે. તે દેવકુરુમાં ચિત્ર અને વિચિત્ર નામની બે પર્વતોની વચ્ચેથી પસાર થઇ, પાંચ સરોવરોને ભેદીને મેરુ પર્વત તરફ જાય છે.

એવી જ રીતે નીલવંત પર્વત ઉપર આવેલા કેસરી નામના સરોવરમાંથી સીતા નામની મહાનદી નીકળે છે. તે ઉત્તરકુરુમાં યમક અને સમક નામના બે પર્વતોની વચ્ચેથી પસાર થઈ, પાંચ સરોવરોને ભેદીને, મેરુ પર્વત તરફ જાય છે.

આઠ આઠ વિજયના બંને છેડે કિલ્લા જેવી એક એક વેદિકા આવેલી છે. આ બે વેદિકાની વચમાં આઠ વિજયો, ચાર પર્વતો, અને ત્રણ નદીઓનો સમાવેશ થાય છે.

મહાવિદેહક્ષેત્રમાં સદાકાળ અવસર્પિણીકાળના ચોથા આરા જેવા ભાવ વર્તે છે. અહીં ઓછામાં ઓછા ૪ અને વધુમાં વધુ ૩૨ તીર્થંકરો હોય છે. હાલમાં ૮, ૯, ૨૪, ૨૫ આ ચાર વિજયોમાં અનુક્રમે સીમંધર, બાહુ, સુબાહુ અને યુગમંધર નામના ચાર તીર્થંકરો વિચરી રહ્યા છે. જે વખતે બત્રીસેય વિજયોમાં ૩૨ તીર્થંકરો વિચરતા હોય તે વખતે અઢીદ્વીપના બાકીના ચાર મહાવિદેહમાં તેમજ પાંચ ભરત અને પાંચ ઐરવતમાં પણ તીર્થંકરો વિચરતા હોય છે. તેથી તે વખતે ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકરો હોય છે. મહાવિદેહ-ક્ષેત્રમાં અમુક અમુક કાળે તીર્થંકરો થયા જ કરે છે.
(૫) રમ્યક્ક્ષેત્ર—નીલવંત પર્વતની ઉત્તરમાં રમ્યક્ નામનું ક્ષેત્ર આવેલું છે. તેના મધ્યભાગમાં માલ્યવંત નામનો ગોળાકાર પર્વત આવેલો છે. નીલવંત પર્વત પઉર આવેલા કેસરી નામના સરોવરમાંથી નીકળીને ઉત્તર દિશા તરફ વહેતી નારીકાંતા નામની મહાનદી માલ્યવંત પર્વત પાસેથી વળી જઈને, પશ્ચિમ દિશામાં લવણસમુદ્રને મળે છે.

રમ્યક્ક્ષેત્રની ઉત્તરમાં, પૂર્વથી પશ્ચિમ તરફ લાંબો, બસો જોજન ઉંચો, રમ્યક્ક્ષેત્રની હદ પૂરી કરનારો, રુક્મી નામનો પર્વત આવેલો છે. તેની ઉપર આવેલા મહાપુંડરીક નામના સરોવરમાંથી દક્ષિણ દિશા સન્મુખ

નરકાંતા નામની મહાનદી નીકળે છે. તે માલ્યવંત પર્વત પાસે આવીને, પૂર્વ દિશા તરફ વળી જઈ લવણસમુદ્રને મળે છે.

આ રમ્યકક્ષેત્રમાં બે ગાઉના શરીરવાળા, બે પલ્યોપમના આયુષ્યવાળા અને બે બે દિવસના આંતરે બોર પ્રમાણ આહારથી તૃપ્તિ પામનારા(બાકી હિમવંતક્ષેત્રની સમાન વર્ણનવાળા) યુગલિક મનુષ્યો વસે છે. અહીં પણ સદાકાળ અવસર્પિણીકાળના બીજા આરા જેવા ભાવ વર્તે છે.

(૬) **હૈરણ્યવંતક્ષેત્ર**—રુક્મી પર્વતની ઉત્તરમાં હૈરણ્યવંત નામનું ક્ષેત્ર આવેલું છે. તેના મધ્યભાગમાં વિકટાપાતી નામનો ગોળાકાર પર્વત આવેલો છે. રુક્મી પર્વત ઉપર આવેલા મહાપુંડરીક નામના સરોવરમાંથી નીકળીને ઉત્તર દિશા તરફ વહેતી રૂપ્યકુલા નામની મહાનદી, વિકટાપાતી પર્વત પાસેથી વળી જઇને, પશ્ચિમમાં લવણસમુદ્રને મળે છે.

હૈરણ્યવંતક્ષેત્રની ઉત્તરમાં પૂર્વથી પશ્ચિમ તરફ લાંબો, હૈરણ્યવંતક્ષેત્રની હદ પૂરી કરનારો, ૧૦૦ જોજન ઊંચો શિખરી નામનો પર્વત આવેલો છે. તેની ઉપર આવેલા પુંડરીક નામના સરોવરમાંથી

દક્ષિણ દિશા તરફ વહેતી સુવર્ણકુલા નામની મહાનદી વિકટાપાતી પર્વત પાસેથી વળી જઇને, પૂર્વ દિશામ લવણસમુદ્રને મળે છે.

આ હૈરણ્યવંતક્ષેત્રમાં એક ગાઉના શરીરવાળા, એક પલ્યોપમના આયુષ્યવાળા અને એક એક દિવસના આંતરે આમળા પ્રમાણ આહારથી તૃપ્તિ પામનારા (બાકી હિમવંતક્ષેત્રની સમાન વર્ણનવાળા)યુગલિક મનુષ્યો વસે છે. અહીં પણ સદાકાળ અવસર્પિણીકાળના ત્રીજા આરા જેવા ભાવ વર્તે છે.

(૭) ઐરવતક્ષેત્ર—શિખરી પર્વતની ઉત્તરમાં ઐરવત નામનું ક્ષેત્ર આવેલું છે. જેની અન્ય ત્રણ દિશા ફરતો લવણસમુદ્ર આવેલો છે. આ ઐરવતક્ષેત્રના મધ્યભાગમાં પૂર્વથી પશ્ચિમ તરફ લાંબો, પચીસ જોજન ઊંચો વૈતાઢ્ય નામનો પર્વત આવેલો છે. તેનાથી ઐરવતક્ષેત્ર ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધ એમ બે વિભાગમાં વહેંચાઈ જાય છે.

શિખરી પર્વત ઉપર આવેલા પુંડરીક નામના સરોવરમાંથી નીકળીને, પર્વત ઉપર થોડે સુધી પૂર્વ દિશા બાજુ વહીને, ઉત્તર દિશા તરફ વળીને નીચે પડતી રક્તા નામની મહાનદી ઉત્તરાર્ધ ઐરવતમાં

થઇને, વૈતાઢ્ય પર્વતની ગુફાની પડખેથી નીકળીને, દક્ષિણાર્ધ ઐરવતમાં આવી તેમાં થઈને, પૂર્વ દિશા બાજુના લવણ સમુદ્રમાં ભળે છે.

એવી જ રીતે પુંડરીક સરોવરમાંથી નીકળીને, પર્વત ઉપર થોડે સુધી પશ્ચિમ દિશા બાજુ વહીને, ઉત્તર દિશા તરફ વળીને નીચે પડતી રક્તવતી નામની મહાનદી ઉત્તરાર્ધ ઐરવતમાં થઇને, વૈતાઢ્ય પર્વતની ગુફાની પડખેથી નીકળીને, દક્ષિણાર્ધ ઐરવતમાં આવી તેમાં થઇને, પશ્ચિમ દિશા બાજુના લવણ-સમુદ્રમાં ભળે છે.

ભરતક્ષેત્રની જેમ ઐરવતક્ષેત્રમાં પણ આડો પર્વત અને ઊભી બે મહાનદીઓને કારણે છ ખંડ સર્જાયા છે. અહીં પણ ભરતક્ષેત્રની જેમ છએ આરાના ભાવ સદાકાળ વર્તે છે. તેમજ ૩૨ હજાર દેશો, તેમાં સાડા પચીસ આર્યદેશો વગેરે ભરતક્ષેત્રની જેમ જ અહીં પણ સમજી લેવું.

૫૬ અંતરદ્વીપ–લઘુહિમવંત અને શિખરી પર્વત-ના બંને બાજુના છેડે નીકળેલા બે બે ફાંટા (દાઢા) લવણસમુદ્રમાં જાય છે. કુલ આઠ ફાંટા થાય છે. દરેક ફાંટા ઉપર સાત સાત અંતરદ્વીપો આવેલા છે. તેથી કુલ ૫૬ અંતરદ્વીપો લવણસમુદ્રમાં છે. તેમાં ૮૦૦ ધનુષ્યની કાયાવાળા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળા અને એક એક દિવસના આંતરે

આમળા પ્રમાણ આહારથી તૃપ્તિ પામનારા ( બાકી હિમવંતક્ષેત્રના યુગલિકોની સમાન વર્ણનવાળા ) યુગલિક મનુષ્યો વસે છે. અહીં અવસર્પિણીકાળના ત્રીજા આરાને અંતે જેવા ભાવ હોય, તેવા ભાવ સદાકાળ વર્તે છે.

લઘુહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુક્મી અને શિખરી આ છ મહાગિરિથી જંબૂદ્વીપના ભરત, હિમવંત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવંત અને ઐરવત આ પ્રમાણે સાત ક્ષેત્રો ( વિભાગો ) થાય છે.

લવણસમુદ્ર–લવણસમુદ્ર જંબૂદ્વીપની ફરતો વીંટળાઈને રહેલો છે. તે બે લાખ જોજન પહોળો છે અને એક હજાર જોજન ઊંડો છે. તેમાં ચારેય દિશાઓના મધ્યકેન્દ્રમાં મોટા ઘડાના જેવા આકારવાળા એક એક કળશ છે. તેને પાતાળ કળશ કહેવાય છે. આ ચારેય દિશાઓના ચારેય કળશોમાં દર ૧૪ મુહૂર્ત એટલે ૧૧। કલાકે વાયુનો પ્રકોપ થાય છે. તેથી આ સમુદ્રમાં પાણીની ભરતી આવ્યા કરે છે. લવણસમુદ્ર સિવાયના બીજા સમુદ્રોમાં પાતાળ કળશો નથી, માટે ભરતી–ઓટ પણ નથી.

લવણસમુદ્રની ચાર વિદિશાઓના મધ્યકેન્દ્રમાં અનુવેલંધર નામનો એક એક પર્વત આવેલો છે. તથા ચારેય પાતાલ કળશોની ડાબી બાજુએ વેલંધર નામનો એક એક પર્વત આવેલો છે.

# ૪૫ લાખ યોજન પ્રમાણુ અઢીદ્વીપ–મનુષ્યલોક

જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડદ્વીપ, કાલોદધિ-સમુદ્ર અને અડધા પુષ્કરવરદ્વીપને અઢીદ્વીપ અથવા મનુષ્યલોક કહેવાય છે. તેમાં જંબૂદ્વીપ અને લવણ-સમુદ્રનું વર્ણન આગળ કરી દેવાયું છે. બાકીના દ્વીપ-સમુદ્રોનું વર્ણન હવે કરવામાં આવે છે.

ધાતકીખંડદ્વીપ-લવણસમુદ્રની ચારે તરફ વીંટળાઇને રહેલો, બંગડીના જેવા આકારવાળો અને ચાર લાખ જોજન પહોળો ધાતકીખંડ નામનો દ્વીપ છે. તેની મધ્યમાં ૫૦૦ યોજન ઊંચા, ધાતકીખંડ-દ્વીપની પહોળાઇ જેટલા લાંબા, ઉત્તર–દક્ષિણ દ્વારથી નીકળેલા ઊભા બે ઇષુકાર પર્વતો છે. તેનાથી ધાતકીખંડદ્વીપ, પૂર્વધાતકીખંડ અને પશ્ચિમ ધાતકી-ખંડ એમ બે ભાગમાં વહેંચાઈ ગયો છે. તે બંને ભાગમાં એક એક મેરુ પર્વત આવેલો છે. અને તે દરેકની આજુબાજુ જંબૂદ્વીપ પ્રમાણે એક ક્ષેત્ર, એક પર્વત, એક ક્ષેત્ર, એક પર્વત એમ ક્રમસર સાત સાત ક્ષેત્રો અને છ છ પર્વતો આવેલા છે. પૂર્વ અને પશ્ચિમ એમ બંને બાજુના ગણતાં ૨ ભરત, ૨ હિમવંત, ૨ હરિવર્ષ, ૨ મહાવિદેહ, ૨ સમ્યક્,

૨ હિરણ્યવંત અને ૨ ઐરવત એમ કુલ ૧૪ ક્ષેત્રો અને પર્વતોમાં ૨ લઘુહિમવંત, ૨ મહાહિમવંત, ૨ નિષધ, ૨ નીલવંત, ૨ રુક્‌મી, અને ૨ શિખરી એમ કુલ ૧૨ પર્વતોથી સંપૂર્ણ ધાતકીખંડદ્વીપની ભૂમી આવરાયેલી છે. નદીઓ, દ્રહો, વક્ષસ્કાર પર્વતો વગેરે પણ જંબૂદ્વીપ પ્રમાણે પૂર્વધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડના થઈને બમણાં જાણવાં. ધાતકીખંડની ચારે બાજુ પદ્મવર વેદિકા યુક્ત જગતી છે.

કાલોદધિસમુદ્ર–ધાતકીખંડદ્વીપની ચારે તરફ વીંટળાયેલો, આઠ લાખ જોજન પહોળો, એક હજાર જોજન ઊંડો અને બંગડીના જેવા આકારવાળો કાલોદધિ નામનો સમુદ્ર છે. તેના પાણીમાં ભરતી કે ઓટ આવતી નથી. તેમાં કાલ અને મહાકાલ નામના બે દેવોને રહેવા યોગ્ય પૂર્વ–પશ્ચિમ ગૌતમદ્વીપ સરખા બે દ્વીપ છે. પૂર્વ દિશામાં ધાતકીખંડદ્વીપના ૧૨ ચંદ્રોના ૧૨ દ્વીપ અને કાલોદધિ સમુદ્રના ૪૨ ચંદ્રોના ૪૨ દ્વીપો આવેલા છે. તેમજ પશ્ચિમ દિશામાં ધાતકીખંડદ્વીપના ૧૨ સૂર્યોના ૧૨ દ્વીપો અને કાલોદધિ સમુદ્રના ૪૨ સૂર્યોના ૪૨ દ્વીપો આવેલા છે. તે સર્વ દ્વીપો પાણીની સપાટીથી બે કોશ ઊંચા છે. સમુદ્રની ચારે બાજુ જગતી છે.

પુષ્કરવરદ્વીપ—કાલોદધિસમુદ્રની ચારે તરફ વીંટળાયેલો અને ૧૬ લાખ જોજન પહોળો પુષ્કરવર દ્વીપ છે. તેની મધ્યમાં ૧૭૨૧ જોજન ઊંચો અને ૧૦૨૨ જોજન પહોળો વલયાકારે માનુષોત્તર પર્વત આવેલો છે. તેનાથી પુષ્કરવરદ્વીપ બે વિભાગમાં વહેંચાઇ ગયો છે. મનુષ્યોની વસતી આ પર્વતની અંદરના આઠ લાખ યોજન સુધીમાં જ છે. એના પછીના દ્વીપ કે સમુદ્રોમાં મનુષ્યોનાં જન્મ–મરણ થતાં નથી. તેથી જંબૂદ્વીપ, ધાતકીખંડદ્વીપ અને અડધો પુષ્કરવરદ્વીપ અને તેની અંતરાલના લવણસમુદ્ર અને કાલોદધિસમુદ્ર સહિત અઢીદ્વીપને ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્ર કહેવાય છે. ધાતકીખંડદ્વીપની જેમ અહીં પણ બે ઈષુકાર પર્વતોને કારણે પૂર્વાર્ધ પુષ્કર-વર અને પશ્ચિમાર્ધ પુષ્કરવર એમ બે વિભાગ પડે છે. બંનેમાં એક–એક મેરુ પર્વત, સાત–સાત ક્ષેત્રો અને છ–છ વર્ષધર પર્વતો છે. તેમનાં નામ ધાતકી-ખંડદ્વીપ પ્રમાણે જાણવાં. આ સર્વનો સરવાળો કરતાં અઢીદ્વીપમાં કુલ ૫ મેરુ, ૩૫ ક્ષેત્રો, ૩૦ વર્ષધર પર્વતો, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ આવેલાં છે. હિમવંત પર્વત અને શિખરી પર્વતમાંથી નીકળેલી અને લવણસમુદ્રમાં ફેલાયેલી આઠ દાઢાઓમાં ૫૬ અંતરદ્વીપો આવેલા છે. તે સિવાય પણ અનેક નાના

મોટા દ્વીપો, પર્વતો, નદીઓ, દ્રહો વગેરે અઢી-દ્વીપના નકશામાં બતાવ્યા મુજબ આવેલાં છે. તેનું વર્ણન ક્ષેત્રલોકપ્રકાશ, બૃહત્ ક્ષેત્રસમાસ વગેરે ગ્રન્થોમાંથી જાણવા યોગ્ય છે.

૪૫ લાખ યોજનની ગણતરી—જંબૂદ્વીપના એક લાખ યોજન, તેની પૂર્વ-પશ્ચિમ બંને બાજુ લવણ-સમુદ્રના બે-બે લાખ યોજન મળી ચાર લાખ યોજન, ત્યાર પછી ધાતકીખંડદ્વીપના બંને બાજુના ચાર-ચાર લાખ યોજન મળી આઠ લાખ યોજન, ત્યાર પછી કાલોદધિસમુદ્રના બંને બાજુના આઠ-આઠ લાખ યોજન મળી સોળ લાખ યોજન, આ બધાનો સરવાળો કરતાં ૪૫ લાખ યોજનનું મનુષ્યક્ષેત્ર જાણવું. ઉપર લોકના અંતે, પાંચ અનુત્તર વિમાનની ઉપર ૪૫ લાખ યોજન પ્રમાણ સિદ્ધશિલા આવેલી છે. મનુષ્યોનું મોક્ષગમન પણ ૪૫ લાખ યોજનના ક્ષેત્રમાં જ થાય. તિર્યંચ જીવોનો વાસ અઢીદ્વીપની બહારના દરેક દ્વીપ-સમુદ્રમાં પણ છે.

અઢીદ્વીપની બહાર મનુષ્યોનું ગમનાગમન થાય છે. વિદ્યાધર મનુષ્યો અને ચારણ મુનિઓ આઠમા નંદી-શ્વરદ્વીપ સુધી જાય છે. દેવો દ્વારા અપહરણ કરીને લઈ જવાયેલા મનુષ્યો અઢીદ્વીપની બહાર પણ હોઈ

શકે છે. આમ છતાં ત્યાં કોઇ પણ મનુષ્યનાં જન્મ-મરણ તો થતાં જ નથી. આ જ કારણથી પુષ્કરવર-દ્વીપના અડધા ભાગ પછી આવેલા વલયાકાર પર્વતનું નામ માનુષોત્તર પર્વત છે. તદુપરાંત વ્યવહારસિદ્ધ કાળ, અગ્નિ, ચંદ્ર-સૂર્ય આદિના જ્યોતિષ્ક વિમાનોનું પરિભ્રમણ, ઉત્પાતસૂચક ગાંધર્વનગર વગેરે ચિહ્નો આ બધું અઢીદ્વીપની બહાર હોતું નથી. અઢીદ્વીપની બહાર ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા સ્થિર હોય છે.



# મેરુ પર્વત અને તેની ફરતું જ્યોતિષચક્ર

જંબૂદ્વીપની મધ્યમાં આવેલો મેરુપર્વત મૂળ સ્તંભના આકારે ગોળ છે. તે નીચેથી પહોળો છે અને ઉપર ઉપર અનુક્રમે સાંકડો થતો જાય છે. તેની ઊંચાઇ મૂળથી ટોચ સુધી એક લાખ જોજનની છે. મૂળમાં એક હજાર જોજન રત્નપ્રભા પૃથ્વીમાં દટાયેલો છે. ૯૯ હજાર જોજન બહાર છે. તે મૂળમાં ૧૦,૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન પહોળો છે. પૃથ્વીની સપાટીઉપર તેની પહોળાઈ ૧૦ હજાર યોજનની છે અને અનુક્રમે ઘટતાં ઘટતાં ઉપરના છેડે એક હજાર યોજન પહોળો છે. ચૂલિકા સિવાય મેરુ પર્વતના ત્રણ વિભાગ છે: (૧) પૃથ્વીની અંદર ૧૦૦૦ યોજનનો પ્રથમ કાંડ (૨) પૃથ્વી ઉપર ૬૩૦૦૦ યોજનનો બીજો કાંડ (૩) તેની ઉપર ૩૬૦૦૦ યોજનનો ત્રીજો કાંડ છે.

મેરુ પર્વતની તળેટીમાં એક અને મેરુ પર્વત ઉપર ચાર વનખંડો છે: (૧) જમીન ઉપર તળેટીમાં ભદ્રશાલવન (૨) ૫૦૦ જોજન ઊંચે નંદનવન (૩) નંદનવનથી ૬૨,૫૦૦ યોજન ઉપર સોમનસવન (૪) સોમનસવનથી ૩૬૦૦૦ યોજન ઉપર પંડકવન છે.

પંડકવનમાં ચારેય દિશામાં આવેલી ચાર શિલા ઉપર છ સિંહાસન આવેલાં છે. પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં આવેલી શિલા ઉપર બે-બે સિંહાસન છે. દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં આવેલી શિલા ઉપર એક-એક સિંહાસન છે. પૂર્વ-પશ્ચિમ દિશાની શિલાનાં સિંહાસન ઉપર મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરોના જન્માભિષેક થાય છે. ઉત્તર-દક્ષિણ દિશાની શિલાનાં સિંહાસન ઉપર ભરત અને ઐરવત ક્ષેત્રના તીર્થંકરોના જન્માભિષેક થાય છે. એક સાથે છએ સિંહાસનો ઉપર છ તીર્થંકરોના જન્માભિષેક થતાં હોય એવું બનતું નથી. તેનું કારણ એ છે કે, પૂર્વ-પશ્ચિમ દિશામાં જ્યારે રાત્રિ હોય છે, ત્યારે ઉત્તર-દક્ષિણ દિશામાં દિવસ હોય છે. ઉત્તર-દક્ષિણ દિશામાં જ્યારે રાત્રિ હોય છે, ત્યારે પૂર્વ-પશ્ચિમ દિશામાં દિવસ હોય છે. તીર્થંકરોનાં જન્મ મધ્ય રાત્રિએ જ થાય છે.

પંડકવનની મધ્યમાં શિખા સમાન અને રત્નમય એવી એક ટેકરી છે, તેને ચૂલિકા કહેવાય છે.

મેરુ પર્વતના મૂળ ભાગમાં જે આઠ રુચક પ્રદેશો છે, તેને સમભૂતલા પૃથ્વી કહેવાય છે. સમભૂતલા પૃથ્વીથી ૭૯૦ યોજન ઉપર જતાં જ્યોતિષ ચક્રની શરૂઆત થાય છે. તે ઉપર ૧૧૦ યોજન

સુધીમાં પથરાયેલું છે. સૌથી પ્રથમ ૭૯૦ યોજને તારામંડળ છે. તેનાથી ૧૦ યોજન ઊંચે સૂર્ય છે. તેની ઉપર ૮૦ યોજને ચંદ્ર છે. ત્યાર પછી ૪ યોજન ઊંચે ૨૮ નક્ષત્રો છે. તેમાં ભરણી નક્ષત્ર સૌથી નીચે, સ્વાતિ નક્ષત્ર સૌથી ઉપર, મૂળ નક્ષત્ર સૌથી બહારના મંડળમાં અને અભિજિત નક્ષત્ર સૌથી અંદરના મંડળમાં ચાલે છે. નક્ષત્રો પછી ૪ યોજન ઊંચે બુધ ગ્રહ છે. પછી ૩ યોજન ઊંચે શુક્ર છે. પછી ૩ યોજન ઊંચે બૃહસ્પતિ–ગુરુ છે. પછી ૩ યોજન ઊંચે મંગળ છે. પછી ૩ યોજન ઊંચે શનિગ્રહ છે.


મનુષ્યક્ષેત્રમાં પ્રકાશ કરતાં ૧૩૨ સૂર્યો અને ૧૩૨ ચંદ્રો મેરુ પર્વતની આસપાસ સતત પરિભ્રમણ કરી રહ્યા છે. ૨ ચંદ્ર અને ૨ સૂર્ય જંબૂદ્વીપમાં, ૪ ચંદ્ર અને ૪ સૂર્ય લવણ સમુદ્રમાં, ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય ધાતકીખંડદ્વીપમાં, ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય કાલોદધિ સમુદ્રમાં, ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય અર્ધપુષ્કરવરદ્વીપમાં છે.

આ પ્રમાણે ૭૯૦ થી ૯૦૦ સુધીના ૧૧૦ યોજનમાં સમગ્ર ચર જ્યોતિષચક્ર મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર રહીને અઢીદ્વીપ–મનુષ્યક્ષેત્રમાં ગતિ કરે છે. ત્યાર પછી સ્થિર જ્યોતિષચક્ર લોકના

છેડાથી ૧૧૧૧ યોજન અંદર ચારેય દિશાઓની કોરે લોકની અબાધાએ સ્થિર છે.

આ બધાં જ્યોતિષચક્ર દેવોનાં વિમાનો છે. તે અડધા કોઠાના ફળના આકારવાળા, સ્ફટિકરત્નમય, રમણીય અને તેજથી ઝળહળતાં છે. વ્યંતરદેવોનાં નગરો થકી સંખ્યાતગુણાં મોટાં છે. લવણસમુદ્રમાં રહેલાં જ્યોતિષ્ક વિમાનો ઉદકસ્ફટિકમય છે. તે લવણસમુદ્રની ૧૬૦૦૦ યોજન ઊંચી અને ૧૦,૦૦૦ યોજન પહોળી પાણીની શિખામાંથી આરપાર ચાલે છે. સ્ફટિકરત્નના પ્રભાવથી પાણી ફાટીને માર્ગ કરી આપે છે. પાણીથી વિમાનોને બાધા થતી નથી અને તેમાં પાણી પણ ભરાતું નથી તથા વિમાનોના તેજની કે કાંતિની પણ હાનિ થતી નથી. વિશેષ વિગત બૃહત્ સંગ્રહણી તથા ક્ષેત્ર સમાસથી જાણવા યોગ્ય છે.

સમાપ્ત



# તમારે શું જોઈએ ?

જે આપણે બીજાને આપીએ
તે જ આપણને મળે.

સુખ આપીએ તો સુખ !
દુઃખ આપીએ તો દુઃખ !
જીવન આપીએ તો જીવન !
મોત આપીએ તો મોત !

તમે પોતે જીવો અને પ્રાણ સહિત સર્વસ્વના
ભોગે ય અન્યને જીવાડો !

આ છે જૈન-દર્શને બતાવેલી
સાચી અને સર્વશ્રેષ્ઠ દયા !

# હસ્તગિરિ

મહાતીર્થની યાત્રાએ પધારો

પાલિતાણાથી ૧૪ કિ. મિ. દૂર છે.
ડામરની પાકી સડક છે.
દિવસમાં ચાર વાર બસ મળે છે.
યાત્રિકો માટે બધી જ જાતની સગવડ છે.

લિ.
ચંદ્રોદય ચેરીટીઝ
C/o. હસ્તગિરિ તીર્થોદ્ધાર કાર્યાલય
મુ. જાળિયા (અમરાજી)
(વાયા પાલિતાણા) (સૌરાષ્ટ્ર)
પિન–૩૬૪૨૭૦.

---

આવરણ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · અમદાવાદ